દર સોમવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર

# કેલમ ન્યુઝ

Caelum News (Weekly)

RNI NO: GUJGUJ/2023/90024 | DATE: 05/10/2026 | Editor : GELOT MAHESHKUMAR LAXMANBHAI : office: Limdi, Ta.Jhalod-389170, Dist.Dahod

Issue: 10 | Year: 04 | Price:01 | Page : 04 | Phone No: 9924047495 | E-mail: gelotmahesh96@Gmail.Com


# મોંઘવારીનો ડામ: કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતોમાં રૂ. ૬૨.૫૦નો વધારો

નવી દિલ્હી,

ઓક્ટોબર મહિનાની શરૂઆત સાથે જ કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. 1 ઓક્ટોબર 2026થી 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં 62.50નો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં હવે 19 કિલોના સિલિન્ડર માટે ¹ 2810 ચૂકવવા પડશે. બીજી તરફ, ઘરેલુ 14.2 કિલોના LPG સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા દર મહિનાની પહેલી તારીખે LPGના ભાવની સમીક્ષા કરવામાં આવે છે. ઓક્ટોબરની શરૂઆતમાં કરવામાં આવેલી સમીક્ષા બાદ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં 19 કિલોના સિલિન્ડરનો ભાવ 2,747.50થી વધીને 2,810 થયો છે. એટલે કે એક સિલિન્ડર પર સીધો 62.50નો વધારો થયો છે.કોમર્શિયલ LPG સિલિન્ડરનો ઉપયોગ મુખ્યત્વે હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા, કેટરિંગ અને અન્ય વ્યવસાયોમાં થાય છે. સતત બીજા મહિને ભાવમાં વધારો થતાં આવા વ્યવસાયોના ઈંધણ ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિણામે વેપારીઓના ઓપરેશનલ ખર્ચ પર અસર પડવાની શક્યતા છે. વધેલા ખર્ચની અસર ભોજન અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ પર પડે છે કે નહીં તે આગામી દિવસોમાં જોવા મળશે.દેશના અન્ય મોટા શહેરોમાં પણ કોમર્શિયલ LPGના ભાવમાં વધારો થયો છે. આપેલી માહિતી અનુસાર, પટનામાં 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ 3,029થી વધીને 3,100.50 થયો છે.

આમ, પટનામાં સિલિન્ડરનો ભાવ 3,100ને પાર પહોંચી ગયો છે. શહેર પ્રમાણે LPGના ભાવ અલગ-અલગ રહે છે અને દર મહિને તેમાં ફેરફાર થઈ શકે છે.કોમર્શિયલ સિલિન્ડરના ભાવ વધ્યા હોવા છતાં 14.2 કિલોના ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર



કરવામાં આવ્યો નથી. આપેલી માહિતી પ્રમાણે દિલ્હીમાં ઘરેલુ સિલિન્ડર 942, મુંબઈમાં 941.50, ચેન્નાઈમાં 957.50 અને કોલકાતામાં 968ના ભાવે યથાવત છે. એટલે તહેવારો પહેલાં કોમર્શિયલ ગેસનો ઉપયોગ કરતા વેપારીઓ માટે ખર્ચ વધ્યો છે, જ્યારે ઘરેલુ ગ્રાહકો માટે હાલ ભાવમાં કોઈ ફેરફાર નથી.

### મોદીએ કહ્યું દેશને તમારા પર ગર્વ છે

## પીએમ મોદીએ કેપ્ટન સ્મિત મચ્છારના વખાણ કર્યા

### પીએમ મોદીએ એક્સ પર કેપ્ટન મચ્છારને 'હીરો' જણાવતા કહ્યું કે ભારતને તેમની બહાદુરી પર ગર્વ છે

નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્લાયદુબઈની ફ્લાઈટમાં બહાદુરી દર્શાવનારા ભારતીય કેપ્ટન સ્મિત મચ્છારની ભારે પ્રશંસા કરી છે. સ્મિત મચ્છારની દિલેરીના પીએમ મોદી પણ મુરીદ બની ચૂક્યા છે. પીએમ મોદીએ ફ્લાયદુબઈની ફ્લાઈટને હાઈજેક થતાં બચાવનારા સ્મિત મચ્છારને 'હીરો' બતાવ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે ગંભીર રીતે ઘાયલ હોવા છતાં તેમણે બીજાનો જીવ બચાવવા માટે અદમ્ય સાહસ અને દ્રઢ સંકલ્પ દર્શાવ્યો. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કેપ્ટન મચ્છારને 'હીરો' જણાવતા કહ્યું કે ભારતને તેમની બહાદુરી પર ગર્વ છે. સ્મિત મચ્છારની આ બહાદુરીની દેશ અને દુનિયા બધે જ ચર્ચા થઈ રહી છે. તમામ મોટા નેતાઓ અને દેશ દુનિયાના આગેવાનોએ તેમની હિંમતના વખાણ કર્યા છે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ સ્મિત મચ્છારના વખાણ કરતાં તેમને સાચા નાયક કહ્યા છે તો યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને હીરો ગણાવ્યા છે.

પીએમ મોદીએ પોતાની એક્સ પોસ્ટમાં લખ્યું, 'કેપ્ટન સ્મિત મચ્છાર એક હીરો છે.' તેમણે કહ્યું કે સૌથી ગંભીર ખતરાની સામે અને ગંભીર રીતે ઘાયલ હોવા છતાં કેપ્ટન મચ્છારે બીજાનો જીવ બચાવવા માટે જબરદસ્ત સાહસ અને અટૂટ સંકલ્પ દર્શાવ્યો. તેમની બહાદુરીએ સેંકડો લોકોનો જીવ બચાવવામાં અને એક મોટી દુર્ઘટના ટાળવામાં મદદ કરી. ભારતને કેપ્ટન મચ્છાર પર ગર્વ છે. પીએમ મોદીએ કેપ્ટન મચ્છારના જલ્દી સ્વસ્થ થવાની કામના કરતા





તેમના માટે નવી તાકાત અને સારા સ્વાસ્થ્યની પ્રાર્થના કરી.

કેપ્ટન મચ્છારની બહાદુરીની આ પહેલા ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ પ્રશંસા કરી હતી. નેતન્યાહૂએ તેમને 'સાચા નાયક' જણાવતા કહ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ હોવા છતાં તેમણે હુમલાખોરનો વિરોધ કર્યો અને મોટી દુર્ઘટના ટાળવામાં મદદ કરી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ભારતીય પાઈલટને 'હીરો' બતાવ્યા છે.

જોકે, ઘટનાની તપાસ ચાલુ છે અને સહ-પાઈલટના કથિત હુમલા પાછળનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. ફ્લાયદુબઈએ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું છે કે વિમાન સુરક્ષિત રીતે તબૂકમાં ઉતર્યું અને તમામ મુસાફરો સુરક્ષિત છે.

સ્મિત મચ્છારે જે કર્યું છે, તેની આખી દુનિયામાં પ્રશંસા થઈ રહી છે. તેમણે ૧૭૪ લોકોનો જીવ બચાવ્યો છે. તે પણ પોતાના જીવના જોખમે. તેથી જ ડોનાલ્ડ ટ્રમ્પથી લઈને બેન્જામિન નેતન્યાહૂ સુધી ભારતીય પાઈલટ સ્મિત મચ્છારને સાચા હીરો બતાવી રહ્યા છે. હકીકતમાં, આ ઘટના ૩૦ સપ્ટેમ્બરના રોજ દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટ FZ1073 ની છે. ફ્લાઈટ તેલ અવીવથી દુબઈ જઈ રહી હતી. ત્યારે આકાશમાં તેમના કો-પાઈલટે કેપ્ટન સ્મિત મચ્છાર પર ચાકુથી હુમલો કર્યો. હેતુ વિમાન ક્રેશ કરાવવા અથવા હાઈજેક કરવાનો હતો. આ પછી વિમાન ઝડપથી નીચે આવવા લાગ્યું. ઘાયલ હોવા છતાં ભારતીય પાઈલટ સ્મિત મચ્છારે હુમલાખોરનો સામનો કર્યો અને કોકપિટનો દરવાજો ખોલવામાં સફળ રહ્યા. આ પછી મુસાફરો અને ક્રૂ મેમ્બર્સે હુમલાખોરને કાબૂમાં લેવામાં મદદ કરી.

આ પછી વિમાનને સાઉદી અરેબિયાના તબૂક તરફ વાળવામાં આવ્યું, જ્યાં તેની ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવી. ફ્લાયદુબઈના વિમાનમાં ૧૭૪ મુસાફરો સવાર હતા. જેમાં ૨૭ બાળકો પણ સામેલ હતા.

તમામ મુસાફરોને બાદમાં બીજા વિમાનથી તેલ અવીવ પહોંચાડવામાં આવ્યા. કેપ્ટન સ્મિત મચ્છાર આ ઘટનામાં ઘાયલ થયા અને તેમને તબૂકની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ભારતીય મિશને જણાવ્યું કે તેમની હાલત સ્થિર છે અને ભારતીય અધિકારીઓ તેમના પરિવારના સંપર્કમાં છે.

### સરકાર દ્વારા લાદવામાં આવેલા એમડીઆર ચાર્જ સામે વધતો વિરોધ

## દેશભરના વેપારીઓ નો-યુપીઆઈ-ડે મનાવી સરકાર સામે ઝુંબેશ શરૂ કરશે

### કાળી પટ્ટી ધારણ કરશે તથા પોતાના વિસ્તારોના સાંસદોને મળી ધરણા તથા વિરોધ પ્રદર્શન કરશે: દિલ્હીમાં મિટિંગ યોજાશે

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારના યુપીઆઈના વ્યવહારો પર લાદવામાં આવેલા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટનો વિરોધ દેશવ્યાપી ધોરણે વેપારી વર્ગમાં વધ્યો છે. આ પગલાના વિરોધમાં વેપારીઓએ બીજી ઓક્ટોબરે સમગ્ર ભારતમાં નો-યુપીઆઈ-ડે (યુપીઆઈ વગરનો દિવસ) તરીકે મનાવવાનું નક્કી કર્યુ હોવાનું ભારતીય ઉદ્યોગ વ્યાપાર મંડળના સૂત્રોએ જણાવ્યું હતું.આ ઉદ્યોગ વ્યાપાર મંડળના વડપણ હેઠળ દેશભરના આગેવાન વિવિધ વેપારી સંગઠનોને સામિલ કરતી વિડીયો કોન્ફરન્સ મિટિંગ યોજવામાં આવી હતી તથા દેશભરના આશરે ૧૭ રાજ્યોના વેપારી સંગઠનો દ્વારા કેન્દ્ર સરકારના આ પગલાંનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો તથા બીજી ઓક્ટોબરે નો-યુપીઆઈ-ડે તરીકે મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું વેપારી સંગઠનોના સૂત્રોએ જણાવ્યું હતું. બીજી ઓક્ટોબરે વેપારી સંગઠનો મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને સરકાર વિરૂદ્ધ ઝુંબેશનો આરંભ કરનાર છે.આ ઉપરાંત દરેક રાજ્યોના વેપારી સંગઠનો પોતાના વિસ્તારમાં સંસદ સભ્યોને આવેદન પત્ર આપી વેપારીઓની નારાજગી સરકાર સુધી પહોંચાડવા રજૂઆત કરશે. દરમિયાન, ૧૦મી ઓક્ટોબરે દેશવ્યાપી ધોરણે વેપારીઓ પોતાના રાજ્યોમાં તથા શહેરોમાં ધરણાઓ યોજીને સરકાર સમક્ષ વિરોધ પ્રદર્શન કરશે તથા ૧૫મી ઓક્ટોબરે કાળા દિવસ તરીકે વેપારીઓ ફરી નો-યુપીઆઈ-દિવસ તરીકે મનાવી એમડીઆર ચાર્જ સામે જોરદાર વિરોધ નોંધાવશે એવું વિવિધ વેપારી સંગઠનોના સૂત્રોએ જણાવ્યું હતું. જો કે મોબાઈલ રિટેઈલર્સ એસોસિએશન જેવા એકાદ બે સંગઠનોએ આ વિરોધમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધો છે.




### "ભારતીય પાયલોટને સલામ, તે ખરેખર એક હીરો છે"

## તેમની બહાદુરીએ ૧૭૪ લોકોના જીવ બચાવ્યા : પીએમ નેતન્યાહુ

### ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફ્લાયદુબઈ વિમાન દુર્ઘટનામાં ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત માચરની બહાદુરીની પ્રશંસા કરી

જેરૂસલેમ,

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફ્લાયદુબઈ વિમાન દુર્ઘટનામાં ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત માચરની બહાદુરીની પ્રશંસા કરી છે. નેતન્યાહૂએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં તેમને સાચા હીરો ગણાવ્યા છે."ભારતીય પાયલોટને સલામ, તે ખરેખર એક હીરો છે," પીએમ નેતન્યાહૂએ કહ્યું, તેમની બહાદુરીએ 174 લોકોના જીવ બચાવ્યા. ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફ્લાયદુબઈ વિમાન દુર્ઘટનામાં ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત માચરની બહાદુરીની પ્રશંસા કરી છે.

નેતન્યાહૂએ એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં તેમને સાચા હીરો ગણાવ્યા અને તેમના ઝડપી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની કામના કરી. ઈઝરાયલી વડા પ્રધાન કાર્યાલય દ્વારા ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરાયેલા એક નિવેદનમાં, નેતન્યાહૂએ કહ્યું કે ગંભીર રીતે ઘાયલ થયા હોવા છતાં માચરે અસાધારણ હિંમત દર્શાવી.ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ફ્લાયદુબઈ વિમાન દુર્ઘટનામાં ભારતીય પાયલોટ કેપ્ટન સ્મિત માચરની બહાદુરીની પ્રશંસા કરી છે. નેતન્યાહૂએ એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં તેમને સાચા હીરો ગણાવ્યા અને તેમના ઝડપી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની કામના કરી.ઈઝરાયલી વડા પ્રધાન કાર્યાલય દ્વારા ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરાયેલા એક નિવેદનમાં, નેતન્યાહૂએ કહ્યું કે ગંભીર રીતે ઘાયલ થયા હોવા છતાં માચરે અસાધારણ હિંમત દર્શાવી. તેમના મતે, પાઈલટ પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો, પરંતુ તે હુમલાખોરનો સામનો કરી શક્યો અને કોકપીટનો દરવાજો ખોલવામાં સફળ રહ્યો. ત્યારબાદ મુસાફરો અને ક્રૂ સભ્યોએ હુમલાખોરને કાબુમાં લેવામાં મદદ કરી.નેતન્યાહૂએ કહ્યું કે પાઈલટની કાર્યવાહીથી સંભવિત મોટી વિમાન દુર્ઘટના ટાળી શકાય અને ઈઝરાયલી નાગરિકો સહિત ૧૭૪ લોકોના જીવ બચાવી શકાયા. સાયપ્રસમાં ઈઝરાયલના રાજદૂત, રુવેન અઝારે પણ કેપ્ટન માચર અને મુસાફરો અને ક્રૂ સભ્યોની પ્રશંસા કરી, અને કહ્યું કે તેમની હિંમતથી વિમાનમાં સવાર લોકોના જીવ બચાવવામાં મદદ મળી.અઝારે માચરના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી અને તેમને એક અનુભવી અને પ્રતિભાશાળી પાઈલટ ગણાવ્યા. આ ઘટના પછી કેપ્ટન માચરની બહાદુરીને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે.

## અફઘાનિસ્તાનમાં પાકિસ્તાની એરસ્ટ્રાઈક કરતાં ૨૨ લોકોના મોતની આશંકા

કાબુલ,

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર ચાલી રહેલો વિવાદ હવે અત્યંત ભયાનક વળાંક લઈ રહ્યો છે. પાકિસ્તાની વાયુસેનાએ ગુરુવારે અફઘાનિસ્તાનના હેલમંદ પ્રાંતમાં ભયાનક એરસ્ટ્રાઈક કરીને ભારે વિનાશ વેર્યો છે.

આ ભીષણ હવાઈ હુમલામાં ૨૨ લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ૧૧ થી વધુ લોકો ગંભીર રીતે ઘવાયા છે.સ્થાનિક પ્રાંતિય અધિકારીઓના અહેવાલ બાદ પાકિસ્તાન સરકારે પણ આ એરસ્ટ્રાઈકની પુષ્ટિ કરી છે. જોકે, ઈસ્લામાબાદે દાવો કર્યો છે કે માર્યા ગયેલા તમામ લોકો આતંકવાદી હતા, પરંતુ સ્થાનિક સ્તરેથી આવતા અહેવાલો તદ્દન અલગ ચિત્ર ઉપસાવી રહ્યા છે.

હેલમંદ પ્રાંતના માહિતી અને સંસ્કૃતિ વિભાગના વડા મૌલાના શેર મોહમ્મદ વહદતે જણાવ્યું હતું કે પાકિસ્તાની સૈન્ય દ્વારા હેલમંદના ગરમસિર જિલ્લામાં બે સામાન્ય રજિસ્ટ્રેશન ધરાવતા રહેણાંક મકાનોને સીધા નિશાન બનાવીને બોમ્બમારો કરવામાં આવ્યો હતો.પ્રાથમિક આંકડાઓ અને મળતી વિગતો અનુસાર, આ ખૌફનાક હવાઈ હુમલામાં માર્યા ગયેલા તેમજ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકોમાં મોટે ભાગે નિર્દોષ મહિલાઓ અને નાનાં-નાનાં માસૂમ બાળકો જ સામેલ છે. પાકિસ્તાન સૈન્યના આ અમાનુષી પગલાંને કારણે સમગ્ર અફઘાનિસ્તાનમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે અને બંને દેશો વચ્ચે યુદ્ધ જેવા વાદળો ઘેરાયા છે.

### આરબ જગતમાં ફાતીમા બીજા મહિલા વડાપ્રધાન બની રહેશે

## ફાતીમા ઈઝહરા અલ-મન્સૂરી મોરોક્કોનાં સર્વ પ્રથમ મહિલા વડાપ્રધાન બની રહેશે

### વ્યવસાયે વકીલ અને ઝારાકેશનાં પૂર્વ મેયર ફાતીમાએ મોરોક્કોની રાજવી : કીંગ મોહમ્મદ ૬ઠ્ઠાએ વડાપ્રધાન પદે નિયુક્ત કર્યા

રબાત,

શેક્સપીયરના ઓથેવો ધી મૂર ના દેશ મોરોક્કોમાં રાજવી, કિંગ મોહમ્મદ ૬ઠ્ઠાએ મંગળવારે ફાતીમા ઈઝહરા અલ-મન્સૂરી મોરોક્કોનાં વડાપ્રધાન પદે નિયુક્ત કરતાં ફાતીમા તેઓનાં દેશના સૌથી પહેલા મહિલા વડાપ્રધાન બની રહેશે.સપ્ટેમ્બર ૨૩ના દિને યોજાયેલી મોરોક્કોની સંસદની ચૂંટણીમાં ફાતીમાના પક્ષે સૌથી વધુ બેઠકો મેળવી હોવાથી કિંગ મોહમ્મદે તેઓને સરકાર રચવા આમંત્રણ આપ્યું હતું.ઉલ્લેખનીય છે કે મોરક્કોમાં કોન્સ્ટીટયુશનલ મોનાર્કી છે.

ત્યાં જે પક્ષ બહુમતી સિદ્ધ કરી શકે તેને રાજા સરકાર રચવા આમંત્રણ આપે છે. ફાતીમાની પાર્ટી ઓથેન્ટીસીટી એન્ડ માડર્નિટી પાર્ટી (પીએએમ)ની સ્થાપના ૨૦૦૮માં થઈ હતી. ૩૯૫ શીટવાળી મોરક્કોની સંસદમાં અલ-મન્સૂરીની પાર્ટીને ૯૭ સીટ મળી હતી. તેણે અન્ય નાની પાર્ટીઓ સાથે સંગઠન રચી બહુમતી સિદ્ધ કરી, તેના સાંસદોનું લિસ્ટ રાજવીને સોંપ્યું હતું. તે પછી મંગળવારે રાજમહેલમાં યોજાયેલા એક સમારંભમાં ફાતીમાને સરકાર રચવા રાજવીએ આમંત્રણ આપ્યું હતું.૫૦ વર્ષના ફાતીમા વ્યવસાયે વકીલ છે. તેઓ દક્ષિણનાં મારેકેશમાં વકીલાત પણ કરતાં હતાં અને તેના મેયર પદે પણ ચૂંટાઈ આવ્યા હતાં.તેમના પક્ષ પછી બીજા ક્રમે ધી નેશનલ રેલ ઓફ ઈન્ડીપેન્ડન્ટસ (એનઆરએઆઈ) પાર્ટીને ૬૬ બેઠકો મળી હતી. જયારે ઈસ્તીકલામા પાર્ટી ૬૫ બેઠકો સાથે ત્રીજા ક્રમે રહી છે.ફાતીમા આરબ જગતમાં વડાપ્રધાન પદે આવનારા બીજા મહિલા છે. તેઓ પૂર્વે ટયુનિશિયામાં નજલા બાઉદેન ૨૦૨૧ થી ૨૦૨૩ સુધી વડાપ્રધાન પદે રહ્યાં હતાં.ફાતીમાએ આ પૂર્વેની સરકારમાં પણ મંત્રી પદે રહી ચૂકયા હતાં. તેઓએ શપથ વિધિ પછી કહ્યું હતું કે તેઓ રેડ-લાઈન સ્વીકારશે નહીં. વાસ્તવમાં આપણે ઈતિહાસનું એક પૃષ્ટ ફેરવી દીધું છે.

Caelum News_28-09-2026_09_1

## તંત્રી લેખ

# દિલ્હીમાં હવે AI સંભાળશે ટ્રાફિક, સ્માર્ટ સિગ્નલથી ઓટોમેટિક ચલણ સુધીની વ્યવસ્થા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. જેમાં અનેક મહત્વના નિર્ણયોને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયોમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હી માટે 'ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ' પણ સામેલ છે.ITMS દ્વારા દિલ્હીમાં ટ્રાફિકનું રિયલ-ટાઈમ મેનેજમેન્ટ, છૈં આધારિત ટ્રાફિક સિગ્નલ અને ટેક્નોલોજી આધારિત ટ્રાફિક નિયમોનું પાલન સુનિશ્ચિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ દિલ્હી પોલીસ દ્વારા લાગુ કરવામાં આવશે. તેને ત્રણ તબક્કામાં કુલ ૨૪ મહિનામાં લાગુ કરવાની યોજના છે. ત્યારબાદ પાંચ વર્ષ સુધી સિસ્ટમના સંચાલન અને જાળવણીની જવાબદારી રહેશે.પહેલો તબક્કો ૧૨ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. આ માટે ૫ કોરિડોરની પસંદગી કરવામાં આવશે, જ્યાં ૨૫૦ સ્માર્ટ ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવશે. આ સાથે એક કમાન્ડ સેન્ટર પણ બનાવવામાં આવશે. બીજા અને ત્રીજા તબક્કાને અનુક્રમે ૬-૬ મહિનામાં પૂર્ણ કરવાની યોજના છે. ITMS લાગુ કરવા માટે કુલ ૧,૭૯૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.ITMS એક એવી સિસ્ટમ છે, જે ટ્રાફિકની વર્તમાન સ્થિતિ પ્રમાણે ટ્રાફિક સિગ્નલની ટાઈમિંગ આપમેળે બદલશે. આ ઉપરાંત પસંદ કરાયેલા કોરિડોર પર અલગ-અલગ ટ્રાફિક સિગ્નલ વચ્ચે પણ સંકલન કરવામાં આવશે. આ સિસ્ટમથી ટ્રાફિક સિગ્નલ પર થતો બિનજરૂરી સમયનો વિલંબ ઘટાડવામાં મદદ મળશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટના નિર્ણયોની માહિતી આપતી વખતે ITMS વિશે વિગતવાર સમજાવ્યું. તેમણે કહ્યું કે ITMSનો હેતુ દિલ્હીની ટ્રાફિક વ્યવસ્થાને એકીકૃત કરવાનો છે, જેથી સમગ્ર ટ્રાફિક નેટવર્ક એક સંકલિત અને ઈન્ટેલિજન્ટ સિસ્ટમ તરીકે કામ કરી શકે.તેમણે જણાવ્યું કે હાલમાં દિલ્હીમાં ૧,૫૨૯ ટ્રાફિક સિગ્નલ ફિક્સ ટાઈમિંગના આધારે કામ કરે છે. તેને સરળ ભાષામાં સમજાવતા તેમણે કહ્યું કે જો કોઈ સિગ્નલ પર ૩૦ કે ૩૫ સેકન્ડની રેડ લાઈટ નક્કી કરવામાં આવી હોય, તો ટ્રાફિકની સ્થિતિ ગમે તેવી હોય, રેડ લાઈટ આખા ૩૦ કે ૩૫ સેકન્ડ સુધી ચાલુ રહે છે.આ દરમિયાન એક દિશામાં વાહનોની સંખ્યા વધુ હોઈ શકે છે, જ્યારે બીજી દિશામાં ટ્રાફિક ઓછો હોઈ શકે છે. આ સ્થિતિમાં આદર્શ વ્યવસ્થા એવી હોવી જોઈએ, જે એડેપ્ટિવ અને ઈન્ટેલિજન્ટ હોય. એટલે કે સિસ્ટમ રિયલ-ટાઈમ ટ્રાફિકની સ્થિતિ સમજીને સિગ્નલની ટાઈમિંગમાં ફેરફાર કરી શકે. જે દિશામાં ટ્રાફિક વધુ હોય ત્યાં રેડ લાઈટનો સમય ઘટાડવામાં આવી શકે છે અને જ્યાં રસ્તો પ્રમાણમાં ખાલી હોય ત્યાં ટ્રાફિકની સ્થિતિ પ્રમાણે સિગ્નલની ટાઈમિંગ નક્કી કરી શકાય છે.

પેરિસ ફેશન વીકમાં ઐશ્વર્યા રાયની હાજરી ફરી એકવાર ચર્ચામાં

# પેરિસ ફેશન વીકમાં ઐશ્વર્યા રાય અને સિમોન એશ્લીનું 'સિસ્ટરલી' બોન્ડિંગ

## ઐશ્વર્યા અને સિમોને ગયા વર્ષે પણ પેરિસ ફેશન વીક દરમિયાન સાથે મસ્તીભર્યો સેલ્ફી લીધી હતી



મુંબઈ,

પેરિસ ફેશન વીકમાં ઐશ્વર્યા રાયની હાજરી ફરી એકવાર ચર્ચામાં છે. લોરિયલ પેરિસની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઐશ્વર્યાએ લોરિયલ પેરિસની નવમી આવૃત્તિમાં રૅમ્પ વૉક કર્યું હતું. જોકે ફેશન ઈવેન્ટના રૅમ્પ ઉપરાંત બ્રિજર્ટન સ્ટાર સિમોન એશ્લી સાથેની તેની મુલાકાતનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર ધ્યાન ખેંચી રહ્યો છે.વીડિયોમાં ઐશ્વર્યા સિમોનને મળતાં જ પ્રેમથી કિસ કરે છે અને ત્યાર બાદ બંને સાથે બેસીને વાતચીત કરતી જોવા મળે છે. બંનેએ બ્લેક આઉટફિટ પહેર્યા હતાં અને વાતચીત દરમિયાન હાથમાં હાથ પકડી રાખ્યો હતો. બાદમાં બંનેએ સાથે ફોટો પણ પડાવ્યો હતો. ઈવેન્ટના અંતિમ રૅમ્પ વૉક દરમિયાન પણ ઐશ્વર્યા અને સિમોન એકબીજાનો હાથ પકડીને જોવા મળ્યાં હતાં.આ વીડિયો સોશિયલ મીડિયા પર આવ્યા બાદ ચાહકોએ બંનેનાં બોન્ડિંગનાં વખાણ કર્યા હતાં. લોકોએ આ ક્ષણને ''ગર્લ્સ ગર્લ મોમેન્ટ'' ગણાવી હતી. કેટલાક ચાહકોએ ઐશ્વર્યાને સિમોન સાથે ખુશ જોઈને પણ ખુશી વ્યક્ત કરી હતી.ઐશ્વર્યા અને સિમોને ગયા વર્ષે પણ પેરિસ ફેશન વીક દરમિયાન સાથે મસ્તીભર્યો સેલ્ફી લીધી હતી. સિમોને બાદમાં આ તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી હતી.આ વખતે ઐશ્વર્યા બ્લેક વેલ્વેટ ગાઉન અને કેપ સાથે રૅમ્પ પર જોવા મળી હતી. તેનાં બોલ્ડ રેડ હેર કલરે પણ ખાસ ધ્યાન ખેંચ્યું હતું. સ્ટાઈલિસ્ટ મોહિત રાયે તેનો લૂક તૈયાર કર્યો હતો.ઐશ્વર્યા ઘણા વર્ષોથી આ બ્રાન્ડ સાથે જોડાયેલી છે અને કાન ફિલ્મ ફેસ્ટિવલ સહિત અનેક આંતરરાષ્ટ્રીય ફેશન ઈવેન્ટમાં બ્રાન્ડનું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે. ઐશ્વર્યા છેલ્લે મણિ રત્નમની ૨૦૨૩ની ફિલ્મ પોનિયન સેલ્વન-૨માં જોવા મળી હતી. ફિલ્મમાં વિક્રમ, રવિ મોહન, કાર્તિ, ત્રિશા કૃષ્ણન અને શોભિતા ધુલિપાલા સહિતના કલાકારો હતા. ફિલ્મે વિશ્વભરમાં ૩૪૪ કરોડનું કલેક્શન કર્યું હતું અને ઐશ્વર્યાના અભિનયનાં પણ વખાણ થયાં હતાં.ત્યારથી ઐશ્વર્યાએ કોઈ નવી ફિલ્મની સત્તાવાર જાહેરાત કરી નથી. જોકે તે ફેશન અને આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સમાં પોતાની હાજરી નોંધાવતી રહી છે.

એક મેગેઝિન સાથેની વાતચીત દરમિયાન તારાએ કહ્યું

# 'મારા માતા-પિતાએ મને અને બહેનને હંમેશાં એકસમાન ગણ્યાં'

મુંબઈ,

તારા સુતારિયાએ પોતાનાં બાળપણ અને પરિવારના ઉછેર વિશે વાત કરતાં જણાવ્યું છે કે તેનાં માતા-પિતાએ તેને અને તેની બહેનને હંમેશાં સમાન રીતે ઉછેર્યા હતાં. તાજેતરમાં એક મેગેઝિન સાથેની વાતચીત દરમિયાન તારાએ કહ્યું કે નાનપણથી જ બંને બહેનોનાં અભિપ્રાયને પરિવારમાં મહત્વ આપવામાં આવતું હતું.

તારાના જણાવ્યા મુજબ, તેનાં માતા-પિતા બંને દીકરીઓ સાથે જાણે તેઓ પુખ્ત હોય એ રીતે વાત કરતાં અને તેમનાં વિચારોને પણ મહત્વ આપતાં હતાં. તારાએ કહ્યું, ''મારા મમ્મી-પપ્પાએ મારી બહેન અને મને હંમેશાં એકસમાન ગણ્યાં હતાં. અમે બાળકો હતાં ત્યારે પણ અમારી સાથે પુખ્ત વ્યક્તિની જેમ વ્યવહાર થતો અને અમારા અભિપ્રાયને હંમેશાં મહત્વ અપાતું હતું.''તારા માને છે કે બાળકોને પોતાની વાત વ્યક્ત કરવાની અને પોતાની દલીલ રજૂ કરવાની તક મળે તો તેમનાં આત્મવિશ્વાસ પર તેની લાંબા ગાળાની અસર થાય છે. તેણે પોતાનાં પરિવાર વિશે કહ્યું કે તે મતભેદથી ગભરાતી નથી અને ઘણી વખત અસહમતિ સાથે પણ સહમત થવાનું પસંદ કરે છે. તારાનાં મતે, પરિવારના આ વાતાવરણથી તેને પોતાનાં વિચારો ખુલીને વ્યક્ત કરવાની ટેવ પડી. તેનાં કહેવા પ્રમાણે, આ અનુભવથી તેનાં વ્યક્તિત્વમાં પરિપક્વતા, આત્મવિશ્વાસ અને પોતાની ઓળખ અંગેની સમજ વિકસવામાં મદદ મળી.જો કામની વાત થાય તો તારા છેલ્લે ગીતા મોહનદાસ દિગ્દર્શિત ટોક્સિકમાં જોવા મળી હતી. ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મમાં યશ મુખ્ય ભૂમિકામાં હતો. તારાએ ફિલ્મમાં રેબેકા અલ્મેડાનું પાત્ર ભજવ્યું છે. ફિલ્મમાં નયનતારા, કિયારા અડવાણી, હુમા કુરેશી અને રુક્મિણી વસંત પણ મહત્વની ભૂમિકામાં છે.

એન હેથવે અને ડકોટા જ્હોનસનનો કિસિંગ સીન ચર્ચામાં

# 'હું આખી જિંદગી એનીને કિસ કરી શકું' : ડાકોટા જૉનસન



મુંબઈ,

એન હેથવે અને ડાકોટા જૉનસનની આગામી સાયકોલોજિકલ થ્રિલર વેરિટી રિલીઝ પહેલાં જ ચર્ચામાં છે. ખાસ કરીને ફિલ્મમાં બંને અભિનેત્રીઓ વચ્ચેના કિસિંગ સીને દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે. કોલિન હૂવરની બેસ્ટસેલિંગ નવલકથા પર આધારિત આ ફિલ્મ ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ભારતમાં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

તાજેતરમાં એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં ડાકોટાને એન હેથવે સાથેના ચર્ચિત કિસિંગ સીન વિશે પૂછવામાં આવ્યું હતું. તેના જવાબમાં તેણે હળવા અંદાજમાં કહ્યું, ''હું આખી જિંદગી એનીને કિસ કરી શકું, દરરોજ. તમને મારી જરૂર હોય તો હું ત્યાં જ છું.'' આ વાત કહીને તેણે જોસ હાર્ટનેટની હળવી રીતે માફી પણ માંગી હતી. એન હેથવેએ પણ ફિલ્મના ઈન્ટિમેટ સીન અંગે રમુજી કિસ્સો યાદ કરતાં કહ્યું, ''અમે બધાએ એકબીજાને કિસ કરી. કોઈ બીમાર ન પડ્યું એ જ એક ચમત્કાર છે.''માઈકલ શૉલ્ટરના દિગ્દર્શનમાં બનેલી વેરિટીમાં ડાકોટા લૉવેન એશ્લેનું પાત્ર ભજવે છે. સંઘર્ષ કરી રહેલી લેખિકા લૉવેનને જાણીતી લેખિકા વેરિટી ક્રૉફર્ડની અધુરી બૂક સિરીઝ પૂરી કરવા માટે તક મળે છે. તે વેરિટાના પરિવારના ઘરે પહોંચ્યા બાદ એક એવી આત્મકથાત્મક પાંડુલિપિ શોધે છે, જેમાં ચોંકાવનારા ખુલાસા હોય છે.જેરેમી ક્રૉફર્ડના પાત્રમાં જોસ હાર્ટનેટ છે. લૉવેન આ પરિવાર અને પાંડુલિપિના રહસ્યમાં વધુને વધુ ફસાતી જાય છે અને તેને સત્ય તથા કલ્પના વચ્ચેની રેખા અંગે સવાલો થવા લાગે છે.આ ફિલ્મ એમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત વેરિટીનું ભારતમાં વિતરણ સોની પિક્ચર્સ રિલીઝિંગ ઈન્ટરનેશનલ કરશે.

'આ ફિલ્મનો કોઈ સામાન્ય રોલ નથી,

# આ ભગવાન રામના મુલ્યોને રજૂ કરવાની જવાબદારી છે' : રણબીર

## રણબીરના ૪૪મા જન્મદિવસે 'રામાયણ'નાં મેકર્સે જાહેર કર્યો ૫ મિનિટનો બિહાઈન્ડ ધ સીન વીડિયો જાહેર કર્યા






મુંબઈ,

રણબીર કપૂરના ૪૪મા જન્મદિવસ નિમિત્તે રામાયણના મેકર્સે ફિલ્મના નિર્માણ અને ભગવાન રામના પાત્રમાં રણબીરના રૂપાંતરણની ઝલક આપતો ૫ મિનિટનો બિહાઈન્ડ ધ સીન વીડિયો જાહેર કર્યો છે. નિતેશ તિવારી દિગ્દર્શિત આ બે ભાગની ફિલ્મને મોટા પાયે તૈયાર કરવામાં આવી રહી છે. વીડિયોમાં ફિલ્મનાં કલાકારો અને સર્જકો ફિલ્મ સાથે જોડાયેલા અનુભવ અને રણબીરની ભૂમિકા માટેની તૈયારી વિશે વાત કરતાં જોવા મળે છે.રણબીર કપૂર ફિલ્મમાં ભગવાન રામની ભૂમિકા ભજવી રહ્યો છે. વીડિયોમાં તેણે આ પાત્ર અંગે પોતાના અભિગમ વિશે વાત કરી અને કહ્યું કે તેના માટે આ માત્ર ફિલ્મમાં મળેલો કોઈ સામાન્ય રોલ નથી, પરંતુ એક જવાબદારી છે. રણબીરના જણાવ્યા મુજબ, ભગવાન રામની સૌથી મોટી શક્તિ તેમનું ધનુષ નહીં, પરંતુ તેમની ક્ષમા કરવાની ક્ષમતા છે.રણબીરે કહ્યું, ''આ કોઈ સામાન્ય પાત્ર નથી. એવું નથી કે મને એક ફિલ્મની ઓફર થઈ અને પાત્ર રસપ્રદ લાગ્યું. આ એક જવાબદારી છે.'' આગળ તેણે પોતાની તૈયારી અંગે કહ્યું, ''મારું કામ આ પાત્રને લાયક બનવાનું નહોતું. મારું કામ એ આસ્થા માટે લાયક બનવાનું હતું, જે લોકો આ કહાણીમાં રાખે છે.''ફિલ્મમાં સીતાની ભૂમિકા ભજવી રહેલી સાઈ પલ્લવીએ વીડિયોમાં રણબીરના લૂક વિશે વાત કરી હતી. તેણે બાળપણમાં ભગવાન રામની જે છબી જોઈ હતી તેને યાદ કરતાં કહ્યું કે તે છબીમાં રામનું શરીર પાતળું હતું, માથું થોડું ઢળેલું હતું અને હાથમાં ધનુષ હતું. સીતાની પણ નાની અને નાજુક છબી તેના મનમાં હતી.સાઈએ કહ્યું કે સેટ પર જ્યારે તેણે રણબીરને ભગવાન રામના રૂપમાં જોયો ત્યારે તેને પોતાનાં બાળપણમાં જોયેલી એ જ છબી યાદ આવી અને તે અચંબિત થઈ ગઈ. દિગ્દર્શક નિતેશ તિવારીએ પણ ફિલ્મ માટે યોગ્ય કલાકારની પસંદગીના મહત્વ પર ભાર મૂક્યો. રામાયણ સાથે લોકોની આસ્થા અને ભાવનાત્મક જોડાણ હોવાથી પાત્રોની પસંદગી અને તેમની રજૂઆત અંગે ખાસ કાળજી લેવામાં આવી હોવાનું વીડિયોમાં જોવા મળે છે.બિહાઈન્ડ ધ સીન વીડિયોમાં રણબીરની એક્શન તૈયારીની ઝલક પણ આપવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય એક્શન ડિરેક્ટર ટેરી નોટરીએ તેને ફિલ્મનાં એક્શન સિક્વન્સ માટે તાલીમ આપી છે. ફિલ્મ માટે ભારત ઉપરાંત વિદેશના સ્ટન્ટ પ્રોફેશનલ્સને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.૧૯૮૭ની રામાનંદ સાગરની લોકપ્રિય ટીવી રામાયણમાં ભગવાન રામની ભૂમિકા ભજવી ચૂકેલા અરુણ ગોવિલે પણ વીડિયોમાં રણબીર વિશે વાત કરી હતી. તેમણે વર્તમાન પેઢીના કલાકારોમાં રણબીરને ભગવાન રામની ભૂમિકા માટે સૌથી નજીકના કલાકારોમાંનો એક ગણાવ્યો છે.રામાયણ બે ભાગમાં રજૂ થશે. ફિલ્મમાં રણબીર સાથે સાઈ પલ્લવી, યશ, સની દેઓલ, રવિ દુબે, અરુણ ગોવિલ, લારા દત્તા, રકુલ પ્રીત સિંહ, વિવેક ઓબેરોય અને કુણાલ કપૂર સહિતનાં કલાકારો છે.ફિલ્મનો પહેલો ભાગ દિવાળી ૨૦૨૬ દરમિયાન અને બીજો ભાગ દિવાળી ૨૦૨૭ દરમિયાન વિશ્વભરમાં રિલીઝ થવાનો છે.

વાયરલ તસવીરોએ ફેન્સને ચોંકાવ્યા!

# કરીના કપૂરના શોમાં અચાનક પહોંચી શાહિદ કપૂરની પત્ની

## મીરાએ પણ કરીના કપૂરના શૉમાં પહોંચી સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શૅર કરી હતી. આ તસવીર સાથે મીરાએ કરીના કપૂરને ટેગ કરી હતી

મુંબઈ,

બોલીવુડની સક્સેફૂલ એક્ટ્રેસ કરીના કપૂરની રિલેશનશીપ એક સમયે શાહિદ કપૂર સાથે હતી. આ કપલ્સના અફર્સની ચર્ચા જોરશોરથી ઊઠી હતી. એક લાંબા સમય સુધી બન્ને એકબીજા સાથે ડેટ કરી રહ્યા હતા. વર્ષ ૨૦૦૪થી ૨૦૦૭ સુધી બન્ને એકબીજાના પ્રેમમાં હતા. એવી ચર્ચા છે. પણ અચાનક બ્રેકઅપ થઈ જતા બંન્નેએ પોતાની રાહ અલગ કરી દીધી. એ પછી જ્યારે પણ બન્ને એકબીજાની સામે આવતા હતા એ સમયે થોડું અસહજ ફીલ કરતા હતા. પણ હવે કિસ્સો એક એવો બન્યો છે કે, જે ફેન્સ માટે ચોંકાવનારો સાબિત થયો. મીરા કરીના કપૂરના ખાનના ચેટ શૉ વ્હાટ વિમેન વોન્ટમાં પણ જોવા મળશે.બન્ને એક્ટ્રેસે આનું શુટિંગ પણ કરી લીધું છે. સેટ પરથી બન્નેની એક તસવીર પણ સામે આવી છે. આ તસવીર સામે આવતા ફેન્સ જોરશોરથી ચર્ચા કરી રહ્યા છે તો કોઈ આશ્ચર્ય પામી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર બન્નેએ એકબીજા પર ભરપૂર પ્રેમ વરસાવ્યો હતો.આ જોઈને ફેન્સ ચોંકી ગયા હતા અને કેટલાકે તો લખી દીધુ કે, આવું તો ક્યારેય વિચાર્યું ન હતું. કરીના કપૂરે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શૅર કરી છે. જેમા મીરા રાજપૂત જોવા મળી રહી છે. મીરાએ પણ કરીના કપૂરના શૉમાં પહોંચી સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શૅર કરી હતી. આ તસવીર સાથે મીરાએ કરીના કપૂરને ટેગ કરી હતી. કરીનાના વખાણ કર્યા હતા. આ પોસ્ટ પર એક્ટ્રેસે પણ જવાબ આપ્યો હતો. પોસ્ટ સામે આવતા ફેન્સ પણ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. ફોટોમાં બન્ને ખુશ જોવા મળી રહી છે. આ તસવીર શૅર કરતા કરીનાએ લખ્યું હતું કે, શૉમાં બેહદ વૉર્મ એન્ડ લવલી મીરા. કરીનાની પોસ્ટ પરથી સ્પષ્ટ થાય છે કે, શૉમાં મીરાની હાજરી તેના માટે પણ ખાસ હતી. બંનેનો આ સુંદર ફોટો અને કરીનાનો સંદેશ જોઈને ચાહકો વચ્ચે તેમના સંબંધો વિશેની ચર્ચાઓ વધુ વેગવંતી બની છે.

કંગનાએ શૉમાં કરણને કહ્યો હતો-મૂવી માફિયા

# ૨૨ વર્ષ બાદ બહુચર્ચિત શો 'કોફી વિથ કરણ' થશે બંધ

## ૨૦૧૯માં હાર્દિક પંડ્યા અને લોકેશ રાહુલ 'કોફી વિથ કરણ'ની છઠ્ઠી સિઝનમાં પહોંચ્યા હતા

મુંબઈ,

કરણ જોહરનો જાણીતો ચેટ શો 'કોફી વિથ કરણ' ૨૨ વર્ષના લાંબા સમય બાદ બંધ થઈ રહ્યો છે. શોની નવમી અને અંતિમ સિઝન ૧૪ ઓક્ટોબરથી જીયોહૉટસ્ટાર પર સ્ટ્રીમ થશે. કરણ જોહરે શોની અંતિમ સિઝનની જાહેરાત કરી. વર્ષ ૨૦૦૪માં શરૂ થયેલ આ શોની અત્યારસુધીની ૮ સિઝનમાં ૧૬૧ એપિસોડ આવ્યા છે. કરને અંતિમ સિઝનની જાહેરાત કરતા કહ્યું કે- 'અમુક યાત્રા એવી હોય છે જેનો અંત નક્કી હોતો નથી. પરંતુ એકસમય આવે છે જ્યારે આગળ વધવાનો નિર્ણય લેવામાં આવતો હોય છે.''કોફી વિથ કરણ'ના ઘણા એપિસોડ વિવાદોમાં રહ્યા હતા. જશોના રેપિડ ફાયર રાઉન્ડ, કોફી હેમ્પર્સ અને સેલિબ્રિટીઝના નિવેદનોની સોશિયલ મીડિયા અને મીડિયામાં ચર્ચા થતી રહેતી હોય છે. ઘણા મુદ્દાઓ પર મીમ્સ બનતા રહ્યા છે. ઘણી વાતચીતની ચર્ચા શો અને ઈન્ડસ્ટ્રીની બહાર પણ આગળ વધી અને વિવાદોમાં રહી ચૂકી છે. જાન્યુઆરી ૨૦૧૯માં હાર્દિક પંડ્યા અને લોકેશ રાહુલ 'કોફી વિથ કરણ'ની છઠ્ઠી સિઝનમાં પહોંચ્યા હતા. જ્યાં મહિલાઓ મામલે હાર્દિક પંડ્યાની ટિપ્પણી પર વિવાદ થયો હતો.સિઝનમાં પહોંચ્યા હતા. જ્યાં મહિલાઓ મામલે હાર્દિક પંડ્યાની ટિપ્પણી પર વિવાદ થયો હતો. પંડ્યાએ પછી સોશિયલ મીડિયા પર માફી માગી હતી અને શોના માહોલમાં ઘણો આગળ વધી ગયો હતો. જે પછી બીસીસીઆઈ એ બંને ખેલાડીઓને તપાસ થાય ત્યાંસુધી સસ્પેન્ડ કર્યા હતા. તેમને ઓસ્ટ્રેલિયા પ્રવાસેથી પરત બોલાવી લેવામાં આવ્યા હતા. અમુક મહિના બાદ પ્રતિબંધ હટાવાયો હતો. ૨૦૧૭માં કંગના રનૉત શોની પાંચમી સિઝનમાં પહોંચી હતી. આ દરમિયાન તેણે કરન જોહરના મોઢે તેને મૂવી માફિયા કહી દીધો હતો. શો દરમિયાન કંગનાનો બિન્દાસ્ત અંદાજ અને આ સાથે જ કરણ જોહરને મૂવી માફિયાઓનો ધ્વજવાહક કહેવું ચર્ચામાં રહ્યું હતું. અમુક સમય બાદ કરને આ મામલે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે- કંગના હંમેશા વિક્ટિમ કાર્ડ અને મહિલા કાર્ડનો ઉપયોગ કરતી રહે છે. જો ઈન્ડસ્ટ્રી ખરાબ હોય તો તેણે આ જગ્યા જોડી દેવી જોઈએ.

૨૭ નવેમ્બરે રિલીઝ થનારી ફિલ્મમાં એક્શન સાથે પિતા-પુત્રીના સંબંધની કહાણી

# 'માઈસા'ના અંતિમ યુદ્ધની ઝલકમાં રશ્મિકા મંદાનાનો આક્રમક અવતાર

## સિતા રામમ માટે જાણીતા રવિન્દ્ર પુલેના દિગ્દર્શનમાં બનેલી માઈસા એક મહિલા-કેન્દ્રિત એક્શન થ્રિલર છે

મુંબઈ,

રશ્મિકા મંદાનાની આગામી ફિલ્મ માઈસાની રિલીઝને લઈને ઉત્સુકતા વધી રહી છે. ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં આવનારી આ પૅન-ઈન્ડિયા ફિલ્મમાં રશ્મિકા એક નવા અને આક્રમક અવતારમાં જોવા મળશે. હવે મેકર્સે ફિલ્મનાં અંતિમ યુદ્ધના સિક્વન્સની એક ઝલક સોશિયલ મીડિયા પર શેર કરી છે.મેકર્સે શેર કરેલા ટૂંકા વીડિયોમાં ફિલ્મનાં છેલ્લા સીનની કેટલીક ઝલક જોવા મળે છે. પોસ્ટ સાથે તેમણે લખ્યું, ''અંતિમ યુદ્ધ માઈસા.'' આ પહેલાં ફિલ્મનાં પોસ્ટર અને અન્ય પ્રમોશનલ સામગ્રી બાદ ટીઝર પણ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં રશ્મિકાનાં પાત્રની ઝલક મળીસામગ્રી બાદ ટીઝર પણ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં રશ્મિકાનાં પાત્રની ઝલક મળી હતી.સિતા રામમ માટે જાણીતા રવિન્દ્ર પુલેના દિગ્દર્શનમાં બનેલી માઈસા એક મહિલા-કેન્દ્રિત એક્શન થ્રિલર છે. ફિલ્મની કહાણી આદિવાસી વિસ્તારોની પૃષ્ઠભૂમિમાં આકાર લે છે અને તેમાં એક્શનની સાથે પિતા-પુત્રીના સંબંધને પણ મહત્વ આપવામાં આવ્યું છે.

ટીઝરમાં રશ્મિકા ધારદાર અને ઉગ્ર લૂકમાં જોવા મળી હતી, જે તેનાં અગાઉના કેટલાક પાત્રોથી અલગ છે. ફિલ્મનું સંગીત જેક્સ બેજોયે આપ્યું છે. અત્યાર સુધી સામે આવેલા પ્રમોશનલ મટિરિયલમાં ફિલ્મનાં માહોલ, પાત્રો અને એક્શનની ઝલક રજૂ કરવામાં આવી છે. ફિલ્મ ૨૭ નવેમ્બરે રિલીઝ થશે.

Caelum News_28-09-2026_09_2

# AI મેકડોનાલ્ડ્સના બર્ગરના ભાવ નક્કી કરે છેઃ દરેક આઉટલેટ માટે અલગ રેટ

ન્યૂ યોર્ક,

એઆઈની એન્ટ્રી હવે રેસ્ટોરાં બિઝનેસમાં થઈ ગઈ છે. મેકડોનાલ્ડ્સે એઆઈ અને મશીન લર્નિંગ પ્રાઈઝિંગ સિસ્ટમનો ઉપયોગ શરૂ કર્યો છે. અમેરિકામાં મેકડોનાલ્ડ્સનું ફેમસ બિગ મેક કેટલા ડોલરમાં મળશે તે એઆઈ નક્કી કરી રહ્યું છે.રિપોર્ટ મુજબ, કંપનીની પ્રાઈઝિંગ સિસ્ટમ દરેક રેસ્ટોરાં માટે અલગ ઓપ્ટીમલ પ્રાઈઝ સૂચવે છે. તેમાં જે તે વિસ્તારના કસ્ટમર્સ કેટલો ભાવ ચૂકવવા તૈયાર હોઈ શકે છે અને નજીકની રેસ્ટોરાંમાં શું ભાવે બર્ગર અને અન્ય ફૂડ આઈટ્સમ વેચાય છે જેવા પરિબળોનો ઉપયોગ થાય છે. કંપનીનું મશની લર્નિંગ પોતાની ૧૪,૦૦૦ આઉટલેટ્સના ડેટાનું વિશ્લેષણ કરે છે. આ સાથે જ નજીકના વેન્ડીઝ અને બર્ગર કિંગની પ્રાઈઝિંગને પણ મહત્ત્વ આપવામાં આવે છે.મેકડોનાલ્ડ્સની મોબાઈલ એપ પર કેલિફોર્નિયાના ળેસ્નોની રેસ્ટોરાંમાં બિગ મેકનો ભાવ ૫.૬૯ ડોલર હતો. જ્યારે, બે માઈલ દૂર બીજા આઉટલેટમાં ભાવ ૬.૮૯ ડોલર જોવા મળ્યો હતો. બંને વચ્ચે ૨૧ ટકા ફરક હતો.આ તફાવત કંપનીના પ્રાઈઝિંગ એન્જનને કારણે જ થયો હતો. કંપનીએ તાજેતરમાં રોકાણકારોને જણાવ્યું હતું કે, તેઓ પ્રાઈઝિંગ માટે જેન એઆઈનો ઉપયોગ કરી રહ્યા છે.

## અધિકારીએ કહ્યું- મને લાહોર જોવાની ઘણી ઈચ્છા

# UNમાં શાબ્દિક યુદ્ધ બાદ પાકિસ્તાન પહોંચ્યું ભારતનું પ્રતિનિધિમંડળ

### ભારતના વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી આલોક ડિમરી પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં SCO બેઠકમાં ભાગ લેવા પહોંચ્યા

ઈસ્લામાબાદ,

પહલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેના દ્વારા ચલાવવામાં આવેલા ઓપરેશન સિંદૂર અને સંયુક્ત રાષ્ટ્ર(UNGA) ના મંચ પર ચાલી રહેલા તીખા શાબ્દિક યુદ્ધ વચ્ચે બંને દેશોના કડવાશભર્યા સંબંધોમાં એક નવો વળાંક આવ્યો છે. પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ ખાતે યોજાયેલી શંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન(SCO)ની મહત્ત્વની બેઠકમાં ભાગ લેવા માટે ભારતનું એક સત્તાવાર પ્રતિનિધિ મંડળ પાકિસ્તાન પહોંચ્યું છે.

ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનની ધરતી પર પગ મૂકનારા ભારતના વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી આલોક ડિમરીએ પોતાના અનોખા અંદાજથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. પાકિસ્તાની સરકારી ટીવી સાથેની વાતચીતમાં તેમણે ખુલ્લેઆમ ઈચ્છા વ્યક્ત કરી હતી કે, તેઓ ઈસ્લામાબાદ ઉપરાંત લાહોર, ફૈસલાબાદ અને સિયાલકોટ જેવા પાકિસ્તાની શહેરોની પણ મુલાકાત લેવા માગે છે.

હાલમાં જ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ના મંચ પર ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર અને પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ વચ્ચે આતંકવાદ અને કાશ્મીર મુદ્દે ભારે તીખી નોકઝોંક થઈ હતી. આ તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે ૨૯ સપ્ટેમ્બરથી ઈસ્લામાબાદ ખાતે જીર્ઝ કાઉન્સિલ ઓફ નેશનલ કોઓર્ડિનેટર્સ (CNC)ની ત્રણ દિવસીય મહત્ત્વની બેઠક શરૂ થઈ છે, જ્યાં બંને દેશોના દૌત્યિક સંબંધોનો અલગ નજારો જોવા મળ્યો હતો.

અધિકારી આલોક ડિમરીએ પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક દાર સાથે ગરમજોશીથી હાથ મિલાવ્યા હતા. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે જારી કરેલા વીડિયોમાં ડિમરીએ જણાવ્યું હતું કે, "મને પહેલીવાર પાકિસ્તાન આવવાની તક મળી છે. ઈસ્લામાબાદ આવીને મને ખૂબ આનંદ થયો. હાલ મેં માત્ર ઈસ્લામાબાદ જોયું છે, પરંતુ મારી ઈચ્છા લાહોર, ફૈસલાબાદ અને સિયાલકોટ જવાની પણ છે."

બેઠક અંગે વિગતવાર માહિતી આપતાં આલોક ડિમરીએ ઉમેર્યું હતું કે, "આ એક એવી મહત્ત્વપૂર્ણ યાત્રા છે જ્યાં યુરેશિયન અને એશિયન ખંડના સભ્ય દેશો જીર્ઝના મંચ પર એકસાથે આવ્યા છે. અમે પ્રદેશના કલ્યાણ અને સમૃદ્ધિ માટે એક સહિયારો એજન્ડા તૈયાર કર્યો છે." તેમણે પ્રાદેશિક કનેક્ટિવિટી, વેપાર અને ટ્રાન્ઝિટને અત્યંત મહત્ત્વપૂર્ણ મુદ્દા ગણાવ્યા હતા. આ ઉપરાંત તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સભ્યતાગત સંવાદ મંચના પ્રસ્તાવનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, SCOના તમામ સભ્ય દેશો આ મંચ સ્થાપિત કરવા માટે સંમત થયા છે. નોંધનીય છે કે, જીર્ઝમાં ભારત, પાકિસ્તાન, ચીન, રશિયા, ઈરાન અને બેલારુસ સહિત ૧૦ કાયમી સભ્યો છે.

## હવે દરેક પાયલટની તપાસ થશે

# ફલાય દુબઈની ફલાઈટની ઘટના બાદ ઈઝરાયલે લીધો મોટો નિર્ણય

### દેશમાં પ્રવેશતી દરેક ફલાઈટના પાયલટની ઓળખ ચકાસવામાં આવશે અને તેમની સુરક્ષા સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવશે

જેરૂસલેમ,

ફલાય દુબઈની ફલાઈટના કોકપિટમાં કો-પાયલટ દ્વારા પાયલટ પર કરાયેલા હુમલાની ઘટના બાદ ઈઝરાયલ સરકારે સુરક્ષા વ્યવસ્થાને લઈને અત્યંત કડક નિર્ણય લીધો છે. દેશમાં પ્રવેશતી દરેક ફલાઈટના પાયલટની ઓળખ ચકાસવામાં આવશે અને તેમની સુરક્ષા સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવશે. ઈઝરાયલ અને વિદેશી બંને એરલાઈન્સ માટે ફલાઈટ્સ પર સુરક્ષા વધારવાનો આદેશ આપવામાં આવ્યો છે.અહેવાલો અનુસાર, સંયુક્ત આરબ અમીરાત (UAE)થી તેલ અવીવ જઈ રહેલી ફલાયદુબઈની ફલાઈટ FZ1073માં કો-પાયલટે અચાનક પાયલટ પર છરી વડે હુમલો કરી વિમાનને તોડી પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ વિમાનમાં 174 મુસાફરો સવાર હતા, જેમાં મોટાભાગના ઈઝરાયલી નાગરિકો હતા. ઘટના બાદ ફલાઈટને સાઉદી અરેબિયાના તાબુક તરફ વાળીને સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. મુસાફરો અને અન્ય ક્રૂ મેમ્બર્સની મદદથી હુમલાખોર કો-પાયલટ પર કાબૂ મેળવાયો હતો.ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મછારની અસાધારણ બહાદુરીને સલામી આપી હતી. તેમણે લખ્યું કે, 'છરી વાગવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવા છતાં તેણે સામી છાતીએ સામનો કર્યો, પ્રતિકાર કર્યો અને કોકપિટનો દરવાજો ખોલીને મુસાફરો તથા ક્રૂ મેમ્બર્સને હુમલાખોર પર કાબૂ મેળવવામાં મદદ કરી.'નેતન્યાહૂએ વધુમાં ઉમેર્યું હતું કે, 'કેપ્ટન મછારના આ સાહસને કારણે જ ઈઝરાયલી નાગરિકો સહિત તમામ 174 મુસાફરોના જીવ બચ્યા છે. તેઓ એક સાચા હીરો છે અને તેઓ ઝડપથી સાજા થઈ જાય તેવી કામના છે.'ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયના પ્રવક્તા ડોરોન સ્પીલમેને જણાવ્યું હતું કે, 'હવેથી ઈઝરાયલમાં આવનારી દરેક ફલાઈટના પાયલટની ઓળખ કડક સુરક્ષા તપાસ કરવામાં આવશે, જેથી ભવિષ્યમાં આવી કોઈ ઘટનાનું પુનરાવર્તન ન થાય.'

## શ્રીલંકાને હરાવીને ભારત પહોંચ્યું ફાઈનલમાં

# ગોલ્ડ મેડલ માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો

### પાકિસ્તાને અગાઉ જ ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું : બંને ટીમો વચ્ચે ૩ ઓક્ટોબરે રમાશે

નવી દિલ્હી,

સેમીફાઈનલમાં શ્રીલંકાને હરાવીને ભારતીય ટીમ એશિયન ગેમ્સની ફાઈનલમાં પહોંચી ગઈ છે. પાકિસ્તાને અગાઉ જ ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું. હવે આ બંને ટીમો વચ્ચે ગોલ્ડ મેડલ માટેની મેચ ૩ ઓક્ટોબરે રમાશે.

એશિયન ગેમ્સ ૨૦૨૬ ના પુરુષ ક્રિકેટ ઈવેન્ટમાં ગુરુવારે (૦૧ ઓક્ટોબર) શ્રેયસ અય્યરની કેપ્ટનશીપ વાળી ટીમ ઈન્ડિયાએ બીજી સેમિફાઈનલમાં શ્રીલંકાને ૧૨૪ રનથી હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી. પાકિસ્તાન પહેલાથી જ ફાઈનલમાં પહોંચી ચૂક્યું હતું. હવે ભારત અને પાકિસ્તાન વચ્ચે ૦૩ ઓક્ટોબર (શનિવાર) ના રોજ ગોલ્ડ મેડલ મેચ રમાશે. આ મુકાબલો ભારતીય સમય અનુસાર સવારે ૧૦ વાગ્યાથી શરૂ થશે.

વાત કરીએ શ્રીલંકા સામે થયેલી સેમિફાઈનલની, તો અહીં ટીમ ઈન્ડિયાએ એકતરફી જીત હાંસલ કરી. નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્કમાં શ્રીલંકાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પહેલા બેટિંગ માટે ઊતરેલી ટીમ ઈન્ડિયાએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ પર ૧૬૯ રન બનાવ્યા. ચેઝ કરતા શ્રીલંકા ૯.૫ ઓવરમાં ફક્ત ૪૫ રન પર ઓલઆઉટ થઈ ગઈ.

ઈશાન કિશને મુશ્કેલ પીચ પર શાનદાર બેટિંગ કરતા ૪૬ બોલમાં ૪ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી અણનમ ૮૦ રન બનાવ્યા. તેમની આ ઈનિંગના દમ પર ટીમ ઈન્ડિયા ૧૬૦ નો આંકડો પાર કરી શકી. આ સિવાય વૈભવ સૂર્યવંશીએ ૬ ચોગ્ગા અને ૨ છગ્ગા લગાવીને ૩૮અણનમ ૮૦ રન બનાવ્યા. તેમની આ ઈનિંગના દમ પર ટીમ ઈન્ડિયા ૧૬૦ નો આંકડો પાર કરી શકી. આ સિવાય વૈભવ સૂર્યવંશીએ ૬ ચોગ્ગા અને ૨ છગ્ગા લગાવીને ૩૮ રન બનાવ્યા. બાકીના તમામ બેટ્સમેન ફ્લોપ રહ્યા. અભિષેક શર્માએ ૦૭ રન, સંજૂ સેમસને ૦૭ રન, તિલક વર્માએ ૦૨ રન, અક્ષર પટેલે ૦૮ રન, શિવમ દુબેએ ૦૩ રન અને કેપ્ટન શ્રેયસ અય્યરે ૧૩ રન બનાવ્યા. બાકી વોશિંગ્ટન સુંદર ૦૭ રન પર અણનમ રહ્યો.

જો ઈશાનના બેટથી ૮૦ રનની ઈનિંગ ન નીકળી હોત, તો ભારત માટે ૧૦૦ રનનો ટોટલ પણ બોર્ડ પર લગાવવો મુશ્કેલ થઈ શકતો હતો. તેમણે સૂઝબૂઝ ભરી બેટિંગ કરીને ટીમને સારા ટોટલ સુધી પહોંચાડી. બોલરો માટે સાનુકૂળ પીચ પર મોટો ટોટલ જોઈને શ્રીલંકાની ટીમ પૂરી રીતે દબાણમાં દેખાઈ.

ચેઝમાં શ્રીલંકાના ખરાબ હાલ ચેઝ માટે મેદાન પર ઊતરેલી શ્રીલંકા તરફથી ખૂબ જ ખરાબ બેટિંગ જોવા મળી. ટીમે કોઈ રન બનાવ્યા વગર ૨ વિકેટ ગુમાવી દીધી હતી. ૦૨ રનના સ્કોર પર ટીમની ત્રીજી વિકેટ પડી ગઈ હતી. ત્યારબાદ ૧૮ રન પર ટીમને ચોથો અને પાંચમો ઝટકો લાગ્યો. ફક્ત ૧૮ રન પર અડધી ટીમ પેવેલિયન પરત ફરી ચૂકી હતી. ત્યારબાદ ટીમે ૩૧ રન પર છઠ્ઠી અને ૩૩ રન પર સાતમી વિકેટ ગુમાવી. બાકી આઠમી, નવમી અને દસમી વિકેટ ૪૫ રનના સ્કોર પર જ પડી ગઈ. ભારત માટે જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને અભિષેક શર્માએ ૨-૨ વિકેટ લીધી. વોશિંગ્ટન સુંદરના ખાતામાં ૧ વિકેટ આવી.

## ગિલે સૌથી ઝડપી બેવડી સદી ફટકારી-રોહિતની ૩૫મી સદી

# ભારતે પ્રથમવાર ૪૦૦ રનનો લક્ષ્યાંક ચેઝ કર્યો, ૫૨ વર્ષમાં સૌથી મોટો ચેઝ

### આ ગિલની બીજી બેવડી સદી પણ છે. તેણે ૨૦૨૩માં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૧૪૯ બોલમાં ૨૦૮ રનની ઈનિંગ્સ રમી હતી

નવી દિલ્હી,

ટીમ ઈન્ડિયાએ પોતાના ૫૨ વર્ષના વન-ડે ઈતિહાસમાં પ્રથમવાર ૪૦૦ રનની ઉપરનો લક્ષ્યાંક ચેઝ કર્યો છે. બુધવારે ગુવાહાટીમાં રમાયેલ સિરીઝની બીજી વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝે ૫૦ ઓવરમાં ૭ વિકેટના ભોગે ૪૦૫ રન કર્યા હતા. જવાબમાં ભારતે ૪૩.૩ ઓવરમાં ૨ વિકેટના ભોગે જીત હાંસલ કરી હતી. આ સાથે જ ભારતે ૩ મેચની સિરીઝમાં ૨-૦ની જીત હાંસલ કરી છે. આ મેચમાં કેપ્ટન શુભમન ગિલ જીતનો હીરો રહ્યો. તેણે વન-ડે ક્રિકેટમાં સૌથી ઝડપી બેવડી સદી ફટકારી હતી. ગિલે ૧૧૭ બોલમાં ૨૦૦ રનનો આંક પાર કર્યો. તેણે ૧૩૩ બોલ પર ૨૨૩ રન કર્યા. જેમાં ૨૬ ચોગ્ગા અને ૮ છગ્ગા સામેલ હતા. ગિલે રોહિત શર્મા સાથે પ્રથમ વિકેટ માટે ૨૫૫ રનની ભાગીદારી કરી હતી. રોહિતે પણ સદી ફટકારતા ૧૦૧ રનની ઈનિંગ્સ રમી હતી. વિરાટ કોહલી ૨૯ રન કરી આઉટ થયો હતો. ગિલની સાથે ઋતુરાજ ગાયકવાડ ૩૧ રને અણનમ રહ્યો હતો. ગિલે સૌથી ઝડપી બેવડી સદી ફટકારી આ મામલે ભારતના જ ઈશાન કિશનનો રેકોર્ડ તોડ્યો છે. ઈશાને ૨૦૨૨માં બાંગ્લાદેશ વિરુદ્ધ ૧૨૬ બોલમાં બેવડી સદી ફટકારી હતી. આ ગિલની બીજી બેવડી સદી પણ છે. તેણે ૨૦૨૩માં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૧૪૯ બોલમાં ૨૦૮ રનની ઈનિંગ્સ રમી હતી. ભારત અગાઉ વન-ડે ક્રિકેટમાં ૪૦૦ રનનો લક્ષ્યાંક માત્ર દક્ષિણ આફ્રિકા જ ચેઝ કરી શક્યું છે. દક્ષિણ આફ્રિકા એ ૨૦૦૬માં જહોનિસબર્ગમાં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૪૩૫ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. ભારતે ૧૯૭૪માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ તેની પ્રથમ વન-ડે મેચ રમી હતી. તે પછીથી અત્યારસુધી ભારતનો સૌથી મોટો સફળ ચેઝ ૩૬૦ રનનો હતો. જે ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ કર્યો હતો.રોહિત શર્માએ ૧૨,૦૦૦ વન-ડે રન પૂરા કર્યા છે. તેણે ૨૮૨ ઈનિંગ્સ અને ૧૨,૯૭૩ બોલમાં આ સિદ્ધિ મેળવી હતી.

તે સૌથી ઝડપી ૧૨,૦૦૦ રન પૂરા કરનાર બીજો ભારતીય છે. વિરાટ કોહલીએ ૨૪૨ ઈનિંગ્સ અને ૧૨,૮૫૩ બોલમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. સચિન તેંડુલકરે ૩૦૦ ઈનિંગ્સમાં ૧૨,૦૦૦ વન-ડે રન પૂર્ણ કર્યા હતા. રિકી પોન્ટિંગે ૩૧૪ ઈનિંગ્સમાં અને કુમાર સંગાકારાએ ૩૩૬ ઈનિંગ્સમાં ૧૨,૦૦૦ વન-ડે રન પૂરા કર્યા હતા.

## ગુજરાત સરકાર પાસે જવાબ માગ્યો

# ૨૦૦૮ અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસઃ દોષિત અહેમદ બાવાની ફાંસીની સજા પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

### અહેમદ બાવાએ ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમમાં પડકાર્યો હતો : ખંડપીઠે કાવતરાના આધારે દોષિત ઠેરવવાની દલીલ સાંભળી નોટિસ જાહેર કરી હતી

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે ૨૦૦૮ના અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં ફાંસીની સજા પામેલા દોષિત અહેમદ બાવા અબુ અબુબકર બરેલવી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં નોટિસ ઈસ્યું કરી છે. આ અરજીમાં ગુજરાત હાઈકોર્ટના તે નિર્ણયને પડકારવામાં આવ્યો છે, જેમાં તેને દોષિત ઠેરવવાતી સજા અને ફાંસીની સજાને યથાવત રાખવામાં આવી હતી. જસ્ટિસ વિક્રમ નાથની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ હાજર રહેલા વકીલે દલીલ કરી હતી કે, દોષિત ઠેરવવાનો નિર્ણય સંપૂર્ણપણે કાવતરાના આરોપ પર આધારિત હતો. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના અનુવાદની માંગ કરતી અરજી પણ રજૂ કરવામાં આવી હતી.

ટ્રાયલ કોર્ટના દસ્તાવેજો સ્થાનિક ભાષામાં છે. જસ્ટિસ નાથે ટિપ્પણી કરી, ''ઠીક છે, સજાના અમલ પર રોક લગાવવામાં આવશે. હાલ પૂરતી નોટિસ ઈસ્યુ કરો.'' ગુરુવારની સુનાવણી દરમિયાન, બરેલવીના વકીલે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની અનુવાદિત નકલની પણ માંગણી કરી હતી, કારણ કે ટ્રાયલ કોર્ટના રેકોર્ડ્સ ગુજરાતીમાં હતા.

અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટ ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ થયા હતા, જેમાં શહેરના વિવિધ ભાગોમાં અનેક વિસ્ફોટો થયા હતા. આ વિસ્ફોટોમાં ૫૬ લોકોના મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ફેબ્રુઆરી ૨૦૨૨માં, ગુજરાતની એક વિશેષ અદાલતે આ કેસમાં ૪૯ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે તેમાંથી ૩૮ લોકોને ફાંસીની અને ૧૧ લોકોને આજીવન કેદની સજા સંભળાવી હતી, જ્યારે અન્ય ૨૮ લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા.

ત્યારબાદ, ગુજરાત હાઈકોર્ટે દોષિતો દ્વારા તેમની સજા સામે દાખલ કરવામાં આવેલી અપીલો તેમજ રાજ્ય દ્વારા માંગવામાં આવેલી ફાંસીની સજાની પુષ્ટિ અંગેની કાર્યવાહીની સુનાવણી કરી હતી. હાઈકોર્ટે ૩૮ દોષિતોની સજા અને ફાંસીની સજાને યથાવત રાખી હતી. બરેલવીએ તે ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.

હાઈકોર્ટે શું કહ્યું હતું? હાઈકોર્ટે દોષિતો દ્વારા દાખલ કરવામાં આવેલી તમામ અપીલો ફગાવી દીધી અને સ્પેશિયલ કોર્ટના ફેબ્રુઆરી ૨૦૨૨ના ચુકાદાને યથાવત રાખ્યો; આ ચુકાદામાં IM (ઈન્ડિયન મુજાહિદીન) ના ૩૮ સભ્યોને ફાંસીની અને અન્ય ૧૧ સભ્યોને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી. રાજ્ય સરકારે ફાંસીની સજાની પુષ્ટિ કરવાની માંગ કરી હતી.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે ૩૮ દોષિતોનો ગુનાહિત ઈતિહાસ અને તેમની ભૂમિકાઓ એ સાબિત કરે છે કે તેમણે એવું આતંકવાદી કૃત્ય આચર્યું હતું જેના માટે ફાંસીની સજા યોગ્ય ઠરે છે. જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ સંદીપ મહેતા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખંડપીઠે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન દોષિતના વકીલે દલીલ કરી હતી કે અરજદારને માત્ર કાવતરાના આધારે જ દોષિત ઠેરવવામાં આવ્યો છે. આ દલીલો ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટે આ કેસમાં ગુજરાત સરકારને નોટિસ જાહેર કરીને ફાંસી પર રોક લગાવી દીધી. આ સુનાવણી દરમિયાન કેસ સંબંધિત દસ્તાવેજોના અનુવાદનો વિષય પણ સામે આવ્યો હતો. બચાવ પક્ષના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટના મોટાભાગના દસ્તાવેજો સ્થાનિક ભાષામાં છે. તેથી ગુજરાત હાઈકોર્ટના નિર્ણય અને સંબંધિત કાગળોનો અનુવાદ પૂરો પાડવા માટે પણ અલગથી અરજી દાખલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં સાતમી જુલાઈએ ૨૦૨૬ના રોજ ગુજરાત હાઈકોર્ટે દેશનો સૌથી મોટો અને ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે વર્ષ ૨૦૨૨માં સ્પેશિયલ કોર્ટ (સિટી સેશન્સ કોર્ટ) દ્વારા સંભળાવવામાં આવેલી તમામ સજાઓને માન્ય રાખીને ૩૮ આતંકીઓની ફાંસીની સજા અને ૧૧ દોષિતોને અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા યથાવત્ રાખવાનો આદેશ આપ્યો હતો. જેમાં જાહિદ ઉર્ફે જાવેદ કુતુબુદ્દીન શેખ, ઈમરાન ઈબ્રાહિમ શેખ, ઈકબાલ ઉર્ફે ઈકરાર કાસમ શેખ, શમ્સુદ્દીન ઉર્ફે શમ્સુ શહાબુદ્દીન શેખ, ગ્યાસુદ્દીન ઉર્ફે ગ્યાસુ અબ્દુલસલીમ અન્સારી, મોહમ્મદ આરિફ મોહમ્મદ ઈકબાલ કાગઝી, મોહમ્મદ ઉસ્માન ઉર્ફે ઉસ્માન મોહમ્મદ અનીસ અગરબત્તીવાળા, યુનુસ મોહમ્મદભાઈ મન્સૂરી, કમરુદ્દીન ઉર્ફે રાજા ઉર્ફે અબ્દુલ્લા ચાંદમોહમ્મદ, આમિલ પરવેઝ ઉર્ફે સિકંદર કાજી સૈફુદ્દીન શેખ, શિબલી ઉર્ફે સાબિત અબ્દુલ કરીમ, સફદરહુસૈન ઉર્ફે હુસૈનભાઈ ઉર્ફે ઈકબાલભાઈ જહીરુદ્દીન ઉર્ફે જહરુલહસન, હાફિઝહુસૈન ઉર્ફે અદનાન ઉર્ફે તમીમ તાજુદ્દીન, મોહમ્મદ સાજિદ ઉર્ફે સલીમ ઉર્ફે સજ્જાદ ઉર્ફે સાદ ગુલામ ખ્વાજા મન્સૂરી, અબુબસર ઉર્ફે મુફ્તિ ઉર્ફે અબ્દુલ રશીદ ઉર્ફે અબ્દુલ્લા અબુબકર શેખ, અબ્બાસ ઉમર સામેજા, જાવેદ અહેમદ સાદિર અહેમદ શેખ (સૈયદ), મોહમ્મદ ઈસ્માઈલ ઉર્ફે અબ્દુલ રાજિક ઉર્ફે મુસાફ ઉર્ફે ફુરકાન મોહમ્મદ ઈશાક મન્સૂરી, અફઝલ ઉર્ફે અફસર ઉર્ફે રાજા ઉર્ફે અજિત સિંહ ઉર્ફે સંજય પાંડે ઉર્ફે ઉસ્માની મુતલિબ ઉસ્માની, મોહમ્મદ આરિફ ઉર્ફે આરિફ બદર ઉર્ફે લાદાન બદરૂદ્દીન શેખ ઉર્ફે જુમ્મન શેખ, આસિફ ઉર્ફે હસન બશીરુદ્દીન શેખ, મોહમ્મદ આરિફ નસીમ અહેમદ મિર્ઝા, કયામુદ્દીન ઉર્ફે મૂસા ઉર્ફે અશફાક ઉર્ફે અબ્દુલ કાદિર ઉર્ફે રિઝવાન ઉર્ફે સમીર સરફુદ્દીન કાપડિયા, મોહમ્મદ સૈફ ઉર્ફે રાહુલ શર્મા ઉર્ફે કેરીસેવા સદાબ અહેમદ શેખ, ઝીશાન અહેમદ એહસાનઅહેમદ શેખ, જિયાઉર રહેમાન ઉર્ફે મોન્ટુ અબ્દુલ રહેમાન મુસ્લિમ, મોહમ્મદ શકીલ ઉર્ફે શકીલ યામીનખાન લુહાર, મોહમ્મદ અકબર ઈસ્માઈલ ચૌધરી ઉર્ફે સઈદ, ફઝલ-એ-રહેમાન ઉર્ફે સલાઉદ્દીન ઉર્ફે રફીક મુસદિકખાન દુરાની, અહેમદબાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી, સરફુદ્દીન ઉર્ફે શરીફ એટ સૈનુદ્દીન ઉર્ફે અબ્દુલસત્તાર ઉર્ફે સલીમ,સૈફ-ઉર-રહેમાન ઉર્ફે સૈફુ ઉર્ફે સૈફ અબ્દુલરહેમાન અન્સારી, સાદુલી ઉર્ફે હારિસ અબ્દુલકરીમ મુસ્લિમ, મોહમ્મદ તનવીર ઉર્ફે તલ્હા મોહમ્મદ અપ્સર પઠાણ, આમીન ઉર્ફે રાજા અયુદ નાઝિર શેખ, મોહમ્મદ મોબીન ઉર્ફે મુબીન ઉર્ફે ઈરફાન અબ્દુલ શકુરખાન, મોહમ્મદ રફીક ઉર્ફે જાવિદ ઉર્ફે આલમઝેબ અફિદી મસ્કુર અહેમદ, તૌસીફખાન ઉર્ફે અતીક સગીર અહેમદખાન પઠાણનો સમાવેશ થાય છે.

## મેચમાં હાર બાદ વિન્ડિઝ કેપ્ટનની પ્રતિક્રિયા

# બેટિંગ સારી હતી, પરંતુ બોલિંગમાં હજુ વધુ ચુસ્તતાની જરૂર હતી

### જ્યારે તમે વિશ્વના કેટલાક સૌથી મહાન બેટ્સમેનો સામે રમતા હોવ, ત્યારે તમારી પાસે ભૂલ કરવાની કોઈ પણ જગ્યા બચતી નથી

નવી દિલ્હી,

ગુવાહાટી ખાતે રમાયેલી બીજી વનડે મેચમાં વેસ્ટ ઈન્ડિઝે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૪૦૫ રનનો વિશાળ સ્કોર ખડક્યો હોવા છતાં તેને કારમી હારનો સામનો કરવો પડ્યો છે.

પ્રથમ વનડેમાં ૨૯૬ રન બનાવી હાર્યા બાદ કેપ્ટન શાઈ હોપે સ્વીકાર્યું હતું કે ટીમ ૫૦-૬૦ રન પાછળ રહી ગઈ હતી, જે ખોટ તેમણે બીજી મેચમાં ૪૦૫ રન બનાવીને પૂરી કરી હતી. જોકે, ભારતીય બેટિંગ લાઈન-અપ સામે આ વિશાળ સ્કોર પણ વામણો સાબિત થયો હતો. ભારતીય ટીમે શુભમન ગિલની અણનમ બેવડી સદી અને રોહિત શર્માના શાનદાર શતકના દમ પર માત્ર ૨ વિકેટ ગુમાવીને ૪૪મી ઓવરમાં જ આ ટાર્ગેટ આસાનીથી ચેઝ કરી લીધો હતો.

શાઈ હોપે જણાવ્યું હતું કેઃ "સાચું કહું તો, હું આ મેચમાંથી ઘણી સકારાત્મક બાબતો લઉં છું. બેટિંગ ગ્રુપ તરીકે અમે સતત સારો ટોટલ બનાવી રહ્યા છીએ. પરંતુ જ્યારે તમે વિશ્વના કેટલાક સૌથી મહાન બેટ્સમેનો સામે રમતા હોવ, ત્યારે તમારી પાસે ભૂલ કરવાની કોઈ પણ જગ્યા બચતી નથી. જો તમે તેમને આ પ્રકારની શરૂઆત આપશો, તો મેચ બચાવવી અત્યંત મુશ્કેલ બની જાય છે. ભારતીય ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું અને તેમને આનો શ્રેય મળવો જ જોઈએ. જો આપણે સમીક્ષા કરીએ તો બોર્ડ પર ૪૦૦ રન હોવા છતાં આપણે બોલિંગમાં વધુ ચુસ્ત રહી શક્યા હોત અને આપણી જાતને વાપસીની વધુ સારી તક આપી શક્યા હોત."

હોપે સ્પષ્ટતા કરી હતી કે આ મેચમાં બેટિંગમાં પાયો ઘણો મજબૂત રહ્યો હતો. ટીમે યોજના બનાવી હતી કે ઈનિંગ્સના અંત સુધી હાથમાં પૂરતી વિકેટો જળવાઈ રહે. ભારતમાં રમતી વખતે ભારતીય સ્પિનરો જ સૌથી મોટો ખતરો હોવાનું ટીમ માનતી હતી. તેથી બેટ્સમેનોએ મજબૂત પાયો નાખ્યા બાદ અંતિમ ઓવરો સુધી તે જ આક્રમક ગતિ અને જોશ જાળવી રાખવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

વિટેલ લોજને મોડો બોલિંગ આપવા અંગે હોપે જણાવ્યું હતું કે આ નિર્ણય પરિસ્થિતિ અને સંજોગો આધારિત હતોઃ તે પ્રથમ વખત ભારત પ્રવાસ પર આવ્યો છે અને ઉંમરમાં ઘણો નાનો છે, તેથી તેને સીધો સૌથી મુશ્કેલ ઓવર્સમાં બોલિંગ આપવાનું ટાળવામાં આવ્યું હતું. અમારો હેતુ તેને આ મુશ્કેલ પરિસ્થિતિઓમાં માનસિક રીતે કમ્ફર્ટેબલ રાખવાનો હતો. તેણે આવીને શાનદાર સ્પેલ ફેંક્યો અને જવાબદારી સ્વીકારી. તેના માટે શીખવા જેવું ઘણું છે અને ભવિષ્યમાં તે વધુ મજબૂત બનીને ઉભરશે.

Caelum News_28-09-2026_09_3

# ઉછવાણની પાનમ નદીમાં STFનો દરોડો, ૨ હિટાચી અને ૧૧ હાઈવા ડમ્પર કબજે



દેવગઢ બારિયાઃ દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ઉછવાણ ગામે પાનમ નદીમાં કથિત ગેરકાયદેસર રેતી ખનન અંગે જીહ્વની ટીમે દરોડો પાડતા મોટી કાર્યવાહી સામે આવી છે. દરોડા દરમિયાન સ્થળ પરથી બે હિટાચી મશીન અને ૧૧ હાઈવા ડમ્પર સહિતની મશીનરી અને વાહનો કબજે કરવામાં આવ્યા હતા.

સ્થળ પર કેટલાક ડમ્પર નંબર પ્લેટ વગરના હોવાનું પણ જોવા મળ્યું હોવાનું જાણવા મળ્યું છે. જેને લઈને આવા વાહનો અકસ્માત કે અન્ય કોઈ ઘટનામાં સંડોવાય તો તેમની ઓળખ અને જવાબદારી નક્કી કરવા અંગે પણ સવાલો ઊભા થયા છે. નંબર પ્લેટ વગરના વાહનો સામે નિયમ મુજબ કાર્યવાહી થવી જોઈએ તેવી ચર્ચા પણ શરૂ થઈ છે.

મોટી સંખ્યામાં મશીનરી અને ડમ્પર મળી આવતા પાનમ નદી વિસ્તારમાં ચાલતી કથિત રેતી ખનનની પ્રવૃત્તિ અંગે પણ તપાસનો વિષય બન્યો છે. આટલા મોટા પાયે ખનનની કામગીરી ચાલી રહી હતી તે અંગે સંબંધિત તંત્રની જાણકારી અને અગાઉની કાર્યવાહી અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. જીહ્વની કાર્યવાહી બાદ બે હિટાચી મશીન ગ્રામ પંચાયતને સોંપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે ૧૧ હાઈવા ડમ્પરને પીપલોદ ખાતે ખસેડવામાં આવ્યા છે.

હાલ સમગ્ર મામલે ખનિજ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. વધુ તપાસ બાદ કથિત રેતી ખનન સાથે સંકળાયેલા લોકો, વાહનો અને મશીનરી અંગે વધુ વિગતો સામે આવવાની શક્યતા છે. પ્રતિનિધિ : દર્શન સુતરીયા દેવગઢ બારિયા

# દાહોદ સબ જેલમાં ગાંધી જયંતીની અનોખી ઉજવણી, કેદીઓએ કાઢી અહિંસા યાત્રા

દાહોદઃ મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે દાહોદ સબ જેલ ખાતે વ્યસનમુક્તિ અને 'અહિંસા પરમો ધર્મ'ના સંદેશ સાથે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેલોના પોલીસ મહાનિદેશક ડૉ. કે.એલ.એન. રાવ, નાયબ પોલીસ મહાનિરીક્ષક (જેલ) આર.પી. બારોટ તથા વડોદરા ઝોનના નાયબ પોલીસ મહાનિરીક્ષક (જેલ) સરોજકુમારીના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો.



કાર્યક્રમ અંતર્ગત જેલમાં રહેલા કેદીઓ દ્વારા મહાત્મા ગાંધીજીની પ્રતિમા સાથે જેલ પરિસરમાં ગાંધીજી ચીંધેલા માર્ગે અહિંસા યાત્રા કાઢવામાં આવી હતી. યાત્રામાં એક બંદીવાને મહાત્મા ગાંધીજીનો આબેહૂબ પોશાક ધારણ કરી અગ્રેસર રહી સૌનું ધ્યાન આકર્ષ્યું હતું. યાત્રા દરમિયાન કેદીઓ દ્વારા 'ગાંધીજી અમર રહો' અને 'અહિંસા પરમો ધર્મ'ના નારા લગાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે દાહોદ સબ જેલના અધિક્ષક એમ.એલ. ગમારા દ્વારા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેમણે બંદીવાનોને મહાત્મા ગાંધીજીના જીવનમૂલ્યો અને ગુણો અંગે માહિતી આપી હતી. અધિક્ષક એમ.એલ. ગમારાએ વર્તમાન સમયમાં ગાંધીજીના સત્ય, અહિંસા અને અન્ય જીવનમૂલ્યોને જીવનમાં કેવી રીતે અપનાવી શકાય તે અંગે સમજ આપી હતી. સાથે જ યુવાનોને વ્યસનથી દૂર રહી સમાજના ઘડતરમાં સકારાત્મક યોગદાન આપવા પ્રેરણા આપવામાં આવી હતી.. રિપોર્ટર વાજિદ પઠાણ દાહોદ

# લીમડી બાયપાસ પર વર્ષોજૂની ગંદકીનો પ્રશ્ન હલ ગ્રામ પંચાયત દ્વારા હાઈવેની બાજુમાં સફાઈ કામગીરી હાથ ધરાઈ

લીમડીઃ લીમડી બાયપાસ પર હાઈવેની બાજુમાં વર્ષોથી પડેલા કચરાના ઢગલાઓના કારણે ગંદકીની સમસ્યા સર્જાઈ હતી. કચરામાં પ્લાસ્ટિક અને પોલિથિનનો મોટા પ્રમાણમાં જથ્થો જોવા મળતો હતો. ગાયો સહિતના પશુઓ આ કચરામાંથી ખોરાક શોધતા હોવાથી પોલિથિન ખાઈ લેવાના કારણે પશુઓના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થયું હતું. ઉપરાંત હાઈવેથી પસાર થતા વાહનચાલકોને પણ ગંદકીના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.

આ અંગે લીમડી ગ્રામ પંચાયત દ્વારા સરપંચ શ્રીમતી શીલાબેન મોરીના માર્ગદર્શન હેઠળ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પંચાયતના પ્રયાસોથી હાઈવેની બાજુમાં વર્ષોથી એકઠા થયેલા કચરાના ઢગલાઓ દૂર કરી સમગ્ર વિસ્તારની સફાઈ કરવામાં આવી હતી.





સફાઈ કામગીરી બાદ હાઈવેની બાજુનો વિસ્તાર સ્વચ્છ બનતા સ્થાનિક રહીશો, વાહનચાલકો તેમજ નજીક આવેલા ધાર્મિક સ્થળોએ આવતા લોકો માટે રાહત સર્જાઈ છે. સાથે જ કચરો ખાવાથી પશુઓને થતા નુકસાનનું જોખમ પણ ઘટ્યું છે. ગ્રામ પંચાયતની આ કામગીરીને સ્થાનિક સ્તરે પ્રશંસા મળી રહી છે.

# દેવગઢ બારિયામાં છોટાઉદેપુર રોડ પર આવેલી બહુચર્ચિત ૬૪ દુકાનોને ફરી સીલ મારતા ચકચાર

દેવગઢ બારિયાઃ દેવગઢ બારિયામાં છોટાઉદેપુર રોડ પર આવેલી બહુચર્ચિત ૬૪ દુકાનોને ફરી સીલ મારવામાં આવતા ચકચાર મચી છે. થોડા સમય અગાઉ અજાણ્યા શખ્સો દ્વારા દુકાનો પર મારવામાં આવેલ સરકારી સીલ તોડી નાખવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે મીડિયા અહેવાલો તેમજ અરજદાર દ્વારા કરવામાં આવેલી અરજી બાદ તંત્ર હરકતમાં આવ્યું હતું. તંત્રની ટીમે સ્થળ પર પહોંચી સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. તપાસ બાદ તંત્ર દ્વારા દુકાનોને ફરીથી સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સરકારી સીલ તોડવાની ઘટના બાદ ફરી



સીલ મારવાની કાર્યવાહી થતાં ૬૪ દુકાનોનો મામલો દેવગઢ બારિયામાં ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યો છે. હવે મુખ્ય સવાલ એ છે કે દુકાનો પર મારવામાં આવેલ સરકારી સીલ કોણે તોડ્યું અને કયા સંજોગોમાં તોડવામાં આવ્યું? સમગ્ર મામલે તંત્ર દ્વારા આગળ શું કાર્યવાહી કરવામાં આવશે? તેમજ સરકારી સીલ તોડનાર જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી થશે કે નહીં, તે જોવાનું રહ્યું. પ્રતિનિધિ : દર્શન સુતરીયા દેવગઢ બારિયા

# દેવગઢ બારિયામાં પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ કેન્દ્રનો પ્રારંભ

દેવગઢ બારિયાઃ તાલુકા મથકે મદદનીશ ખેતી નિયામકની કચેરી ખાતે પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. દાહોદ જિલ્લાના પ્રભારી અને રાજ્યકક્ષાના મંત્રી પી.સી. બરંડાના હસ્તે વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે ગાંધીનગરથી ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વર્ચ્યુઅલ રીતે કાર્યક્રમમાં જોડાયા હતા.



પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના હેતુથી શરૂ કરાયેલા આ વેચાણ કેન્દ્રના માધ્યમથી લોકોને પ્રાકૃતિક રીતે ઉત્પાદિત ખેત પેદાશો મળી રહે અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમની પેદાશનું યોગ્ય વળતર મળી રહે તેવો મુખ્ય હેતુ છે.

કાર્યક્રમ દરમિયાન પ્રાકૃતિક ખેતીના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. રાસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગથી જમીનની ફળદ્રુપતા પર થતી અસર તેમજ માનવ સ્વાસ્થ્યને થતા નુકસાનને ધ્યાનમાં રાખીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

દેવગઢ બારિયા તાલુકામાં પણ અનેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. તાલુકાના ખેડૂતો દ્વારા ડ્રેગન ફ્રૂટ સહિત વિવિધ ફળફળાદીની વાડીઓમાં પ્રાકૃતિક ખેતીના પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. વેચાણ કેન્દ્ર શરૂ થવાથી આવા ખેડૂતોને પોતાની પેદાશોનું સીધું વેચાણ કરવા માટે એક નવું પ્લેટફોર્મ મળી રહેશે તેમજ ગ્રાહકોને પણ પ્રાકૃતિક ખેત પેદાશો સરળતાથી મળી રહેશે.

પ્રતિનિધિ દર્શન સુતરીયા દેવગઢ બારિયા

# ધાનપુર તાલુકાના નાકટી ગામે ગ્રામસભાને લઈને સવાલો, TDOને તપાસની માંગ



ધાનપુરઃ ધાનપુર તાલુકાના નાકટી ગામમાં તા. ૨ ઓક્ટોબરે યોજાયેલી ગ્રામસભાને લઈને ગ્રામજનો દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ગ્રામસભા પૂર્વે નિયમ મુજબ નોટિસ અને એજન્ડા જાહેર કરવામાં આવ્યા હતા કે નહીં તેની તપાસ કરવા ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે ગ્રામસભા પહેલાં ચર્ચાના મુદ્દાઓ અંગે પૂરતી પૂર્વ જાણ કરવામાં આવી નહોતી. જેના કારણે ગ્રામજનોને ગામના પ્રશ્નો તેમજ પંચાયતના વહીવટી મુદ્દાઓ અંગે તૈયારી સાથે રજૂઆત કરવાની તક મળી ન હોવાનું જણાવાયું છે.

ગ્રામજનોએ તા. ૨ ઓક્ટોબરની ગ્રામસભાની પ્રોસિડિંગ બુક, હાજરી રજીસ્ટર, નોટિસ અને એજન્ડાની તપાસ કરવાની માંગ કરી છે. સાથે જ નોટિસ અને એજન્ડા ક્યારે તથા ક્યાં જાહેર કરવામાં આવ્યા હતા તેની પણ તપાસ કરવા રજૂઆત કરવામાં આવી છે.

આ ઉપરાંત સરપંચ અને તલાટી-કમ-મંત્રી પાસેથી જરૂરી ખુલાસો મેળવી, તપાસ દરમિયાન નિયમોના પાલનમાં ખામી જણાય તો લાગુ પડતા નિયમો મુજબ કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. ભવિષ્યમાં ગ્રામસભાઓ નિયમસર અને પારદર્શક રીતે યોજાય તે માટે જરૂરી સૂચના આપવા પણ ગ્રામજનોએ રજૂઆત કરી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ રજૂઆતનો હેતુ કોઈ વ્યક્તિ સામે ફરિયાદ કરવાનો નહીં પરંતુ ગ્રામસભાની કાર્યવાહી પારદર્શક અને નિયમસર થાય તે સુનિશ્ચિત કરવાનો છે. પ્રતિનિધિ : દર્શન સુતરીયા દેવગઢ બારિયા

## માલપુરના મોરડુંગરી પાસે LCB-બિશ્નોઈ ગેન્ગ વચ્ચે ફાયરિંગ

# પોલીસે બિશ્નોઈ ગેન્ગના સાગરીતને પગમાં ગોળી મારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

મોડાસા,

અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે માલપુરના મોર ડુંગરી ગામ નજીક સ્કોર્પિયો કારમાં પોષડોડાની હેરાફેરી કરતી બિશ્નોઈ ગેન્ગને પડકારતા પોલીસ જીપ પર ફાયરિંગ કરતા એલસીબી પીઆઈએ સ્વબચાવમાં ત્રણ ચાર રાઉન્ડ ફાયરિંગથી બિશ્નોઈ ગેન્ગના સાગરીતને પગમાં ગોળી વાગતા ઢળી પડ્યો હતો. અન્ય એક સાગરીત ફરાર થઈ ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્ત માફિયાના હાથમાં રહેલી એક માઉઝર પિસ્તોલ તેમજ સ્કોર્પિયો ગાડીમાંથી વધુ એક માઉઝર પિસ્તોલ જપ્ત કરી હતી. આ મામલે જિલ્લા પોલીષવડા મનોહરસિંહ જાડેજાએ કહ્યું કે, પોષડોડા ઘુસાડનાર બિશ્નોઈ ગેન્ગની સિન્ડિકેટને

## પોલીસે ગાડી અને નશીલા દ્રવ્યોનો જથ્થો કબજે કરી એફએસએલ તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરી

ગમે તે ભોગે તોડી નાંખી જેલ ભેગી કરાશે. અરવલ્લી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ PIને બિશ્નોઈ ગેન્ગ જિલ્લાના અંતરિયાળ માર્ગો પરથી સ્કોર્પિયો ગાડીમાં પોષડોડાનો જથ્થાની હેરાફેરી કરી રહી હોવાની બાતમી મળતા જિલ્લાના માર્ગો પર નાઈટ પેટ્રોલિંગ તેજ કરી દીધું હતું. માલપુર તાલુકાના મોરડુંગરી નજીક નાકબંધી કરી હતી. તે વખતે બિશ્નોઈ ગેન્ગના સાગરીતો કાળા કલરની સ્કોર્પિયો કારમાં પ્રતિબંધિત પોષડોડાનો મોટો જથ્થો લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને ઘેરી લેવાની યોજના બનાવી હતી. જેવી સ્કોર્પિયો કાર નજીક આવી કે, તરત જ પોલીસે તેને અટકાવવા બેરિકેડ્સ ગોઠવી ઈશારો કર્યો હતો. નાકાબંધી જોઈ કારમાં સવાર બિશ્નોઈ ગેન્ગના સાગરીતોએ ગભરાટ વગર પિસ્તોલ કાઢી પોલીસ જવાનો પર બે રાઉન્ડ ફાયરિંગ કરતાં ક્ષણભરમાં પરિસ્થિતિ ગંભીર અને જીવલેણ બની ગઈ હતી. જોકે, ફાયરિંગ થતાં એલસીબી પીઆઈ ઝાલાએ સ્વબચાવમાં ત્રણ-ચાર રાઉન્ડ ફાયરિંગ કરતાં ફાયરિંગ કરનારના પગે ગોળી વાગતાં ઈજાગ્રસ્ત થઈ ઢળી પડ્યો હતો. જોકે, અન્ય એક આરોપી ફરાર થઈ ગયો હતો. એલસીબી પોલીસ અને બિશ્નોઈ ગેન્ગ વચ્ચે એન્કાઉન્ટર થતા સમગ્ર વિસ્તાર ગોળીબારથી ધણધણી ઉઠ્યો હતો. ઈજાગ્રસ્ત આરોપીના હાથમાંથી પોલીસે એક માઉઝર પિસ્તોલ અને સ્કોર્પિઓમાંથી એક માઉઝર પિસ્તોલ સહિત બે પિસ્તોલ જપ્ત કરી ફરાર આરોપીને ઝડપી પાડવા જિલ્લામાં નાકાબંધી કરી છે. પોલીસે સ્કોર્પિયોની તપાસ કરતાં તેમાંથી **500** કિલોથી વધારે પોષડોડાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાડી અને નશીલા દ્રવ્યોનો જથ્થો કબજે કરી એફએસએલ તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લા એસપી મનોહરસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે **LCB PI** ઝાલા અને તેમની ટીમને બાતમી હતી કે, મધ્ય પ્રદેશથી રાજસ્થાન તરફ એક ગાડી નીકળવાની છે, જેમાં નાર્કોટિક્સ ભરેલું છે. આ બાતમીના આધારે વોચ ગોઠવી હતી. દરમિયાન રાત્રે **3** વાગ્યે એક શંકાસ્પદ ગાડી નીકળી હતી. જેને રોકવાનો પ્રયત્ન કરતાં તેણે યુ-ટર્ન મારી અને રોન્ગ સાઈડ પર પરત આવી હતી.

# દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના બામરોલીમાંથી રૂ.૫.૦૮ લાખનો દારૂનો મુદ્દામાલ ઝડપાયો

દેવગઢ બારિયા, તા.૩ઃ દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના બામરોલી ગામે સાગટાળા પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

પોલીસે બામરોલી ગામના વચલા ફળિયા સામે રોડની બાજુમાં ઝાડીઝાખરી પાસે ઉભેલી ઈક્કો ગાડીની તપાસ કરતા વિદેશી દારૂની ૫૪ પેટીમાંથી કુલ ૧,૭૫૨ બોટલો મળી આવી હતી. દારૂના જથ્થાની કિંમત રૂ.૨,૫૩,૩૨૦ હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

આ ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી





ઈક્કો ગાડી કિંમત રૂ.૨,૫૦,૦૦૦ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂ.૫,૦૦૦ મળી કુલ રૂ.૫,૦૮,૩૨૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

આ કેસમાં પોલીસે પીપલોદ, માતાના વડ ફળિયાના બલુભાઈ ધીરસિંગભાઈ પટેલને ઝડપી પાડ્યો છે. જ્યારે દેવગઢ બારિયાના મિતેશભાઈ શનાભાઈ ઠાકોર ઉર્ફે કાળિયોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. બંને વિરુદ્ધ ગુનો નોંધી સાગટાળા પોલીસે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રતિનિધિ : દર્શન સુતરીયા દેવગઢ બારિયા

# આસામના વેપારી સાથે રૂ.૪૫ લાખની ઠગાઈમાં બે ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

આણંદ ,

આણંદના વિદ્યાનગર GIDCમાં આસામના વેપારી પાસેથી રૂ, 45 લાખ મેળવી 19 આઈસક્રીમ મશીન ન બનાવી પૈસા પરત ન આપી ઠગાઈ આચરનાર શ્રેયા એન્જિનિયરિંગના માલિકના પુત્ર અને પ્રોડક્ટ મેનેજરે વ્રજ પ્રજાપતિ અને ભાગીદાર દક્ષેશ પ્રજાપતિની વિદ્યાનગર પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. જ્યારે કંપનીના પ્રોપરાઈટર પરેશ પ્રજાપતિની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.આણંદના વિઠ્ઠલ ઉદ્યોગનગર GIDC સ્થિત 'શ્રેયા એન્જિનિયરિંગ વર્ક્સ' નામની કંપનીના પ્રોપરાઈટર પરેશ પ્રજાપતિ, ભાગીદાર દક્ષેશ પ્રજાપતિ અને પ્રોડક્ટ મેનેજરે વ્રજ પ્રજાપતિએ ભેગાં મળી આસામના એક વેપારી પાસેથી રૂપિયા ૪૫ લાખ મેળવી ૧૯ આઈસક્રીમ મશીન ન બનાવી પૈસા પરત ન આપી છેતરપિંડી આચરી હોવાનો બનાવ સામે આવવા પામ્યો છે. આ અંગે વિદ્યાનગર પોલીસે ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આસામના બંગાઈગાંવ જિલ્લાના ખારીજા ધોલાઈગાંવ ખાતે રહેતા ૨૩ વર્ષીય પાર્થ જતીન નીવારનકર પોતાના ગામમાં 'હેલમોન્સ આઈસ્ક્રીમ' નામે વેપાર કરે છે. તેમણે જાન્યુઆરી ૨૦૨૫માં યુટ્યુબ પર આઈસ્ક્રીમ બનાવવાની મશીનરીનો વિડીયો જોઈ તેમણે સંપર્ક કરતા કંપનીના પ્રોપરાઈટર પરેશ શંકરભાઈ પ્રજાપતિએ વિઠ્ઠલ ઉદ્યોગનગર ખાતે પોતાની કંપની હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ કંપનીના ભાગીદાર દક્ષેશ પ્રજાપતિ અને પ્રોડક્ટ મેનેજર વ્રજ પરેશભાઈ પ્રજાપતિ સાથે ઓળખાણ કરાવાઈ હતી.ત્યારબાદ વેપારી પાર્થ જતીન નીવારન કર ને આઈસ્ક્રીમ બનાવવા માટે ૧૯ જેટલી મશીનરીની જરૂર હોવાથી પંજાબ નેશનલ બેંકમાંથી લોન મંજૂર કરાવી સપ્ટેમ્બર ૨૦૨૫માં તેઓ વડોદરા થઈ વિઠ્ઠલ ઉદ્યોગનગર આવ્યાં હતાં. ત્યાં રૂપિયા ૪૫ લાખમાં ૧૯ મશીનરીઓ ૩ મહિનામાં આપવાનું નક્કી કરાયું હતું. ત્યારબાદ ફરિયાદીએ તબક્કાવાર ૧૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ રૂપિયા ૨૦ લાખ, ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રૂપિયા ૧૦ લાખ, ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રૂપિયા ૫ લાખ અને ૨૦ માર્ચ ૨૦૨૬ના રોજ રૂપિયા ૧૦ લાખ) મળીને કુલ રૂપિયા ૪૫,૦૦,૦૦૦ કંપનીના ICICI બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દીધાં હતાં. પાર્થ નીવારનકરે પૂરેપૂરી રકમ ચૂકવી દીધી હોવા છતાં આઈસ્ક્રીમ બનાવવાની મશીનરી ન મળતા ફરિયાદીએ એપ્રિલ ૨૦૨૬માં રૂબરૂ આવી તપાસ કરી હતી.

Printed/Published by Gelot Maheshkumar Laxmanbhai on behalf of Gelot Maheshkumar Laxmanbhai and printed at Jay Graphics and Printers, C-15, Vikram Chambers, Income tax, Ashram Road, Ahmedabad 38009. Published at 106, Gelot Faliyu, Mahadev Road, Limdi, TA-Zalod, Dist.-Dahod 389151, Editor- Gelot Maheshkumar Laxmanbhai.

Caelum News_28-09-2026_09_4